**આજનો સુવિચાર**

સમયની જ વાત છે, સારું ન હોય તો ધીરજ રાખો, સારું હોય તો ઉપકાર કરો.

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૮૮ જૂનાગઢ તા.૨૪-૧૧-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 288, Junagadh : Date : 24 November, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# રાજયપાલ રાજયનાં માત્ર પ્રતિકાત્મક વડા : બીલ પેન્ડીંગ રાખી શકે નહી - સુપ્રિમ કોર્ટ



(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૪

રાજયોમાં બંધારણીય વડા તરીકેની રાજયપાલોની ભૂમિકા સ્પષ્ટ કરતા સર્વોચ્ચ અદાલતે જણાવ્યું છે કે રાજયપાલ ફકત નામ માત્રના રાજયના વડા છે તે વિધાનસભા કે ચુંટાયેલી સરકારની સતા લઈ શકે નહી. પંજાબ તથા તામિલનાડુ સહિતના વિપક્ષી શાસનના રાજયોમાં રાજયપાલોએ જે રીતે વિધાનસભામાં મંજુર કરેલા ખરડાઓ પર લાંબો સમય કોઈ નિર્ણય લીધા વગર જ પેન્ડીંગ રાખ્યા તેની સામેની બે રાજય સરકારોની અરજી પર સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે સંસદીય લોકશાહીમાં સાચી સતા જનતાએ ચુંટેલા પ્રતિનિધિઓમાં જ સમાયેલી હોય છે. જે રાજય અને કેન્દ્ર બન્નેમાં લાગુ પડે છે. વિધાનસભામાં ચુંટાયેલા ધારાસભ્યો અને સંસદમાં ચુંટાયેલા સભ્યોને આ સતા હોય છે.

રાજયપાલ એ રાજયના ચુંટાયેલા વડા નથી પણ રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત એક નામમાત્રના વડા છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે કેબીનેટના સ્વરૂપમાં સરકાર એ વિધાનસભા અને તેમાં બેસતા ચુંટાયેલા પ્રતિનિધિઓ પ્રત્યે જવાબદાર હોય છે. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય.ચંદ્રચૂડની ખંડપીઠે જણાવ્યું કે રાજયના એક બિનચુંટાયેલા વડા તરીકે રાજયપાલોને કેટલીક સતાઓ આપવામાં આવી છે પણ રાજયપાલ તે સત્તાનો ઉપયોગ વિધાનસભાએ બનાવેલા કાનૂન કે અન્ય જોગવાઈઓને નિષ્ફળ બનાવવા માટે કરી શકે નહી. રાજયપાલને કોઈપણ ખરડા રોકવાનો 'વિટો' નથી અને જો મંજુરી ન આપવી હોય તો તે ધારાસભાને પરત કરવાની રહેશે.

આ અંગે સુપ્રીમ કોર્ટે બંધારણની કલમ ૨૦૦નું વ્યાપક અર્થઘટન પણ કર્યુ હતું અને જો રાજયપાલ આ પ્રકારે ખરડાઓ રોકે છે તો તે બંધારણીય લોકશાહીના મૂળ સિદ્ધાંતોના વિરુદ્ધમાં હશે.

## ભારતનાં ૮ ભૂતપુર્વ નૌસૈનિકોની ફાંસીની સજા સામેની અરજી કતારની અદાલતે સ્વીકારી લીધી



(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૪

કતારની કોર્ટે ૮ ભૂતપૂર્વ ભારતીય મરીનની ફાંસીની સજા સામેની અરજી સ્વીકારી લીધી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ કેસની સુનાવણીની તારીખ પણ ટૂંક સમયમાં નક્કી કરવામાં આવશે. ભારત સરકારે લગભગ ૧૫ દિવસ પહેલા ખલાસીઓની સજા વિરુદ્ધ અપીલ કરી હતી. જો કે આ મામલે કતાર કે ભારત સરકાર દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ ૯ નવેમ્બરે અપીલ દાખલ કરવાની માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે- ભારતને આ સૈનિકોને મળવા માટે બીજી કોન્સ્યુલર એક્સેસ પણ મળી છે. ભારત સરકાર કતાર સાથે સતત સંપર્કમાં છે. આ ખૂબ જ સંવેદનશીલ મામલો છે. કતારમાં મૃત્યુદંડની સજા સંભળાવવામાં આવેલા ૮ ભૂતપૂર્વ નૌસેના અધિકારીઓના નામ - કેપ્ટન નવતેજ સિંહ ગિલ, કમાન્ડર પૂર્ણેન્દુ તિવારી, કેપ્ટન સૌરભ વશિષ્ઠ, કમાન્ડર સંજીવ ગુપ્તા, કેપ્ટન બિરેન્દ્ર કુમાર વર્મા, કમાન્ડર સુગુણાકર પાકલા, કમાન્ડર અમિત નાગપાલ અને નાવિક રાગેશ છે. દરેક અધિકારીઓનો ભારતીય નૌસેનામાં ૨૦ વર્ષ સુધીનો વિશિષ્ટ સેવા રેકોર્ડ છે. તેમજ તેમને સૈનિકોના પ્રશિક્ષણ સહિતના મહત્વપૂર્ણ પદ પર પણ કામ કર્યું છે.

૨૬ ઓક્ટોબરે કતારની કોર્ટે ઉપરોકત આઠ ભૂતપૂર્વ ભારતીય નૌસૈનિકોને મૃત્યુદંડની સજા ફટકારી હતી. ૮ ભારતીયો પર ઈઝરાયલ માટે જાસૂસી કરવાનો આરોપ છે. અલ-જઝીરાના એક રિપોર્ટ અનુસાર, તમામ ૮ લોકો પર કતારના સબમરીન પ્રોજેક્ટ સાથે જોડાયેલી માહિતી ઈઝરાયેલને આપવાનો આરોપ છે.

## ઘરના ઘરનું સ્વપ્નું મોંઘુ થયું મકાનોની કિંમતો ૩૩ ટકા વધી



નવી દિલ્હી,તા. ૨૪ : દેશના મોટા શહેરોના રિયલ એસ્ટેટ માર્કેટમાં ત્રણ વર્ષ પહેલાં ઘર ખરીદવા માટે એક તૃતીયાંશ સુધી વધુ ચૂકવણી કરવી પડે છે. હૈદરાબાદમાં ઘરની કિંમતોમાં સૌથી વધુ વધારો થયો છે. આ પછી, બેંગલુરુ અને એનસીઆરના બજારોમાં મકાનો મોંઘા થઈ ગયા છે. કોરોનાની અસર ઓછી થતાં દેશમાં મકાનોની માંગ ઝડપથી વધી રહી છે. તે સાથે મકાન બનાવવાની કિંમત પણ વધી છે. જેના કારણે મકાનો મોંઘા થઈ રહ્યા છે. રિયલ એસ્ટેટ એડવાઈઝરી ફર્મ એનારોક પ્રોપર્ટી કન્સલ્ટન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડે ઓક્ટોબર ૨૦૨૦ થી ઓક્ટોબર ૨૦૨૩ વચ્ચેના ઘરની કિંમતો પર ૭ મોટા શહેરોના રિયલ એસ્ટેટ બજારો પર એક રિપોર્ટ તૈયાર કર્યો છે. આ રિપોર્ટ અનુસાર હૈદરાબાદના બજારોમાં ૩૩ ટકા ઘરો સૌથી મોંઘા બન્યા છે.

## ગુજરાતમાં ઠંડીની તિવ્રતા વધી બે દિવસમાં તાપમાન ૬ ડીગ્રી ઘટયું

અમદાવાદ તા. ૨૪

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાઈકલોનિક સરક્યુલેશનની અસરથી ગઈકાલ રાતથી રાજ્યમાં પવનની દિશા બદલાઈને પૂર્વથી ઉત્તર-પૂર્વના ઠંડા પવનો શરૂ થયાં છે. આ ફેરફારને કારણે ગુજરાતના મોટાભાગના શહેરોમાં ઠંડીની તીવ્રતામાં વધારો થયો છે. સિઝનમાં પ્રથમવારે અમદાવાદમાં ઠંડીનો પારો ૧૬ ડિગ્રીએ પહોંચ્યો છે. જ્યારે વડોદરામાં પણ ઠંડીનો પારો ૨ ડિગ્રી ઘટી ૧૬ ડિગ્રી નોંધાયો હતો. તો સુરતમાં પણ પારો ૨ ડિગ્રી ઘટી ૧૯.૬ થતાં ઠંડી વધી ગઈ છે. સૌથી વધુ ઠંડી હાલ નલિયામાં નોંધાઈ છે. ન્યૂનતમ એક આંક નીચે ઉતરીને ૧૫.૨ ડિગ્રીએ પહોંચતાં ફરી ઠંડીએ જોર પકડ્યું છે.

અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના શહેરોના તાપમાનમાં ઘટાડો થતાં ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. આગામી ચારથી પાંચ દિવસો દરમિયાન રાજ્યમાં ઠંડીનું પ્રમાણ યથાવત રહેવાની વકી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. તે સાથે રાજ્યના અનેક શહેરોમાં ૨૫ - ૨૬ નવેમ્બરે હળવાથી મધ્યમ વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે.

## મુંબઈ એરપોર્ટને ઉડાવી દેવાની ધમકી : ૧૦ લાખ ડોલરની ખંડણી માંગી

મુંબઈ તા. ૨૪ : દેશના વ્યાપારી પાટનગર મુંબઈમાં એક બાદ એક મળી રહેલી ધમકીઓ હવે મહાનગરના આંતરરાષ્ટ્રીય વિમાની મથક ઉડાવી દેવાની ધમકી મળી છે અને આ અંગેના ઈ-મેલમાં ૧ મીલીયન બીટકોઈનની માંગણી કરી જો તેને આ રકમ ૪૮ કલાકમાં આપવામાં નહી આવે તો ટર્મીનલ નંબર ટુ ઉડાવી દેવાની ધમકી મળી છે.

પોલીસના જણાવ્યા મુજબ એરપોર્ટ પોલીસના ઈ-મેલ પર quaidacasrol@gmail.com મારફત આ ધમકી અપાઈ હતી તથા તે એરપોર્ટના ફીડબેક મેઈલ બોકસમાં પણ મોકલાયો હતો.

જેમાં વિષમ-બ્લાસ્ટસ તેવું લખાયું છે અને તેમાં વિમાની મથક માટે આ આખરી ચેતવણી હોવાનું જણાવીને બીટકોઈનનાં ૧૦ લાખ ડોલર ટ્રાન્સફર નહી કરાય તો અમો ૪૮ કલાકમાં જ એરપોર્ટ ટર્મીનલ નંબર-૨ ઉડાવી દેશું તેવી ધમકી અપાઈ છે તથા ૨૪ કલાક પછી વધુ એક એલર્ટ અપાશે તેવું પણ જણાવ્યું છે. પોલીસે હાલ અજાણ્યા વ્યક્તિ સામે આ અંગે ફરિયાદ દાખલ કરી છે. હવે આ મેલ મોકલનારની શોધ શરુ કરવામાં આવી છે.

## ભારતમાં માંદા પડવું વધુ મોંઘુ બન્યુ પાંચ વર્ષમાં સારવાર ખર્ચ બમણો

નવી દિલ્હી,તા. ૨૪

ભારતમાં તબીબી મોંઘવારી દર એશિયામાં સૌથી વધુ છે. તે ૧૪ ટકા સુધી પહોંચી ગયો છે. દિલ્હી અને મુંબઈ જેવા મહાનગરોમાં સંક્રામક બીમારીઓનો ખર્ચ પાંચ વર્ષમાં બમણો થઈ ગયો છે. અન્ય ગંભીર બીમારીઓનો ખર્ચ પણ વધ્યો છે. ઈન્સ્યોર ટેક કંપની પ્લમના હાલના રિપોર્ટમાં આ ખુલાસો થયો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સારવારનો ખર્ચ ૯ કરોડથી વધુ લોકો પર અસમાન રીતે અસર કરી રહ્યો છે અને તેનો ખર્ચ તેના કુલ ખર્ચના ૧૦ ટકાથી વધુ પહોંચી ગયો છે. તેણે કર્મચારીઓ પર પણ નાણાકીય બોજ વધારી દીધો છે. જેમાં ૭૧ ટકા વ્યક્તિગત રીતે પોતાના સ્વાસ્થ્ય ખર્ચ માટે સ્વાસ્થ્ય વીમો લે છે. રિપોર્ટ કહે છે કે માત્ર ૧૫ ટકા કર્મચારીઓને પોતાના નોકરીદાતાઓ દ્વારા સ્વાસ્થ્ય વીમો ઉપલબ્ધ કરાવવામાં આવે છે. કોરોના બાદ સારવાર ખર્ચમાં તેજી વધી છે. સારવારમાં ઉપયોગી થતી સામગ્રીઓ પર પણ ખર્ચ વધ્યો છે. પહેલા કુલ બિલમાં તેનો ભાગ ૩થી૪ ટકા હતો જે હવે વધીને ૧૫ ટકા થઈ ગયો છે.

## અફઘાન - ભારત સંબંધોનો અંત આવી જશે દિલ્હી સ્થિત અફઘાન દૂતાવાસ બંધ

નવી દિલ્હી તા. ૨૪ : નવી દિલ્હી સ્થિત અફઘાનિસ્તાન એમ્બેસીએ તેને કાયમી ધોરણે બંધ કરવાની જાહેરાત કરી છે. ભારતમાં તેના રાજદ્વારી મિશનને બંધ કરવા અંગે અફઘાન દૂતાવાસે એક સત્તાવાર નિવેદન જારી કરતા કહ્યું કે, 'ભારત સરકાર દ્વારા સતત પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે તેને ધ્યાનમાં રાખીને ૨૩ નવેમ્બર ૨૦૨૩ થી અમલમાં મૂકવામાં આવ્યો છે. ૩૦ સપ્ટેમ્બરના રોજ અફઘાન એમ્બેસીએ કામગીરી બંધ કરી દીધી હતી.' એમ્બેસીએ કહ્યું કે આ નિર્ણય નીતિ અને હિતોને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે.

દૂતાવાસે પોતાના નિવેદનમાં કહ્યું છે કે, છેલ્લા બે વર્ષ અને ત્રણ મહિનામાં ભારતમાં રહેતા અફઘાન લોકોની સંખ્યામાં મોટો ઘટાડો થયો છે.


**હોટેલ ગ્રીનલેન્ડ**
જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ
HOTEL GREENLAND | ઠાકર થાળ
સુવિધાઓ
● બેન્કવેટ હોલ
● પાર્ટી લોન
મોર્ડન એમેનીટીઝ સાથેનાં લકઝરીયસ પર એ.સી. રૂમ
ઠાકર થાળ એક ખાનદાની પરંપરા
સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
● ગુજરાતી ● પંજાબી ● ચાઈનીઝ
● સાઉથ ઈન્ડીયન ● કાઠીયાવાડી ● જૈન ફૂડ
જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com

**મહાયોગી વિરેચન ચૂર્ણ**
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફ્લોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦ / ૯૪૨૯૭ ૭૫૦૭૫

**ખોડલધામ ટુર**
સ્લીપર બસ દ્વારા
તા. ૧૫-૦૩-૨૦૨૪ થી ટુર ઉપડશે — દિવસ-૪૦
જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રાધામ રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર, તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે
એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે - એક વખત ચારધામની યાત્રા કરી જીવન સાર્થક બનાવો
વહેલા તે પહેલાનાં ધોરણે
: બુકીંગ સંપર્ક :
મથુરભાઈ વાગડીયા
મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

સૌરાષ્ટ્રનો નં.૧ સીલીન્ડર રી-ટેસ્ટીંગ પ્લાન્ટ
CNG - LPG રી-ટેસ્ટીંગ
CNG ફીટીંગ સેન્ટર
**યશ ઓટો ગેસ**
મો. ૯૮૯૮૪ ૪૮૬૪૪
ઝાંઝરડા બાયપાસ ચોકડી, LPG પંપની પાછળ, જૂનાગઢ

**નૂતનવર્ષની હાર્દિક શુભેચ્છા...**
સાનિધ્ય
વિશેષતાઓ
● મોર્ડન એલીવેટેડ ગેઈટ
● સીકયુરીટી કેબીન
● ગેઈટ પર સીસીટીવી કેમેરા
● સી.સી. રોડ
● અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજ સીસ્ટમ
● ઓફીસ વીથ ગાર્ડન
● પાર્ટી લોન વીથ સ્ટેજ
● વોલ બાઉન્ડ્રી
● બોરવેલ (કોમન પ્લોટમાં)
● ડ્રીપ ઈરીગેશન રોડ સાઈડ પ્લાન્ટેશન
● ગાર્ડન એરીયા
● મોર્ડન એલીવેટેડ સ્ટ્રીટ લાઈટ
સંપર્ક
રમેશભાઈ પેથાણી મો. ૯૯૦૯૫ ૫૧૬૩૩ | મીતુલભાઈ ભલાણી મો. ૯૮૨૫૨ ૯૧૦૧૨ | રમેશભાઈ પાનસુરીયા મો. ૯૯૧૩૮ ૮૭૮૮૯
સાઈટ : સાનિધ્ય રેસીડેન્સી, ઝાંઝરડા રોડ, જૂનાગઢ

**નૂતનવર્ષની હાર્દિક શુભેચ્છા...**
અરવિંદભાઈ સોલંકી
અગ્રણી બિલ્ડર
મો. ૯૩૨૭૪ ૯૪૫૫૫
જૂનાગઢ

નવા વર્ષનાં નૂતનવર્ષાભિનંદન
જીતેન્દ્ર પંડયા 98240 88788
ચેતના પંડયા 87338 22221
SINCE 1992
SHRI DATARESWAR INVESTOR'S CARE PVT. LTD.
**શ્રી દાતારેશ્વર ઈન્વેસ્ટર્સ કેર પ્રા. લી.**
Mutual Fund & Insurance Doctor
● મ્યુચ્યલ ફંડ (SIP SWP)
● સ્પેશયલ ફ્રી મ્યુચ્યલ ફંડ ડિમેટ એકાઉન્ટ
● (જૂનાગઢ શહેરમાં માત્ર એક જ જગ્યાએ)
● ટર્મ, પેન્શન એન્ડ યુલીપ ઈન્સ્યોરન્સ પ્લાન
● મેડીકલેઈમ ● તમામ વાહન ઈન્સ્યુરન્સ
તમામ મ્યુચ્યલ ફંડ અને તમામ ઈન્સ્યોરન્સ કંપની ઉપલબ્ધ
૬/૭, વ્રજ વલ્લભ ચેમ્બર, પોસ્ટ ઓફીસ રોડ, આઝાદ ચોક, જૂનાગઢ

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જૂના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

હાલ મનખા હાલ પરિક્રમાના મેળામાં

# ગિરનારની લીલી પરિક્રમામાં પુણ્યનું ભાથું બાંધવા ઉમટી પડેલો માનવ મહેરામણ



પરિક્રમાના પ્રારંભ પુર્વે જ ૩.૫૦ લાખથી પણ વધારે ભાવિકોએ પરિક્રમા પુર્ણ કરી ભજન, ભોજન અને ભકિતનો ત્રિવેણી સંગમ સમા પરિક્રમાના મેળામાં જંગલમાં મંગલ જેવું દ્રશ્ય સર્જાયું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

ગરવા ગિનારની લીલી પરિક્રમાનું ખુબ જ મહત્વ હોય અને પરંપરા અનુસાર આ પરિક્રમામાં પુણ્યનું ભાથું બાંધવા ભાવિકો અને શ્રધ્ધાળુઓનો માનવ મહેરામણ દર વર્ષે ઉમટી પડે છે. આ વર્ષે પણ દુર-દુરથી આવેલા ભાવિકો અને શ્રધ્ધાળુઓ ગિરનારની લીલી પરિક્રમામાં સહભાગી બન્યા છે. પરિક્રમાનો પ્રારંભ દર વર્ષે દેવઉઠી એકાદશી એટલે કે દેવ દિવાળીના પર્વે મધ્યરાત્રીએ કરવામાં આવતો હોય છે અને પરિક્રમાર્થીઓ પરિક્રમાના રૂટ ઉપર રવાના થતા હોય છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી વિધિવત રીતે પરિક્રમા શરૂ થાય તે પહેલા જ હજારો ભાવિકો પરિક્રમા માટે આવી જતા હોય છે. આ વર્ષે પણ પરિક્રમા શરૂ થાય તે પહેલા જ હજારો ભાાવિકોનું આગમન થયું હતું અને જેને લઈને તંત્રને એક દિવસ વહેલી જ પરિક્રમા માટે ગેઈટ ખોલવો પડયો હતો અને પરિક્રમાર્થીઓને પરિક્રમા માટે રવાના કરવામાં આવેલ હતા. ગરવા ગિરનારની લીલી પરિક્રમાના આ મેળામાં ગઈકાલે સાંજે ૭ વાગ્યા સુધીમાં સત્તાવાર રીતે પ્રાપ્ત થયેલા આંકડા અનુસાર સાંજના ૭ વાગ્યા સુધીમાં કુલ ૩,૩૧,૭૭૫ ભાવિકોએ પરિક્રમા પુર્ણ કરેલ છે. દરમ્યાન ગઈકાલે દેવ દિવાળીના પાવન પ્રસંગે ગરવા ગિરનારની લીલી પરિક્રમાનો સંતો-મહંતો અને પદાધિકારીઓની ઉપસ્થિતિમાં શુભારંભ કરવામાં આવ્યો હતો. પૂજનવિધી પણ સંપન્ન થઈ હતી. લાખો શ્રધ્ધાળુઓ ગરવા ગિરનારની લીલી પરિક્રમાના સહભાગી બન્યા છે. પરિક્રમા દરમ્યાન કોઈપણ જાતના અનિચ્છનીય બનાવ બને નહી તે માટે જીલ્લા પોલીસ તંત્ર દ્વારા અનેકવિધ પગલા લેવામાં આવેલ છે તેમજ સ્થાનિક તંત્ર તેમજ વહિવટી તંત્ર દ્વારા પણ તકેદારીના પગલા અને અનેક સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. બીજી તરફ ધાર્મિક સ્થળો, ઉતારા મંડળ, સેવાભાવી સંસ્થાઓ દ્વારા ભાવિકોની સુખસુવિધા માટે વિશેષ સગવડો ઉભી કરવામાં આવી છે. એટલું જ નહી પરિક્રમામાં આવનારા ભાવિકોને માટે પ્રસાદ-ભોજનની આગવી વ્યવસ્થાના ભાગરૂપે અન્નક્ષેત્રો પણ શરૂ કરવામાં આવ્યા છે અને આ અન્નક્ષેત્રમાં સેવાકીય સંસ્થાઓ, મંડળો દ્વારા સેવાઓ આપવામાં આવી રહી છે. સેવાનું પુનિત ભાથું બાંધતા સેવાભાવીઓને પણ ધન્યવાદ આપવા ઘટે. રાત-દિવસ જોયા વિના ખડેપગે ભાવિકોને માટે પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવે છે. આ ઉપરાંત આ વર્ષે પરિક્રમાર્થીઓની સંખ્યામાં ખુબ જ વધારો થયો છે. પરિક્રમા માટે દુર-દુરથી આવેલા ભાવિકો પોતપોતાના સંઘ સાથે દિવસ દરમ્યાન પરિક્રમા ભ્રમણ કરતા હોય છે અને પરિક્રમાના પડાવ નળપાણીની ઘોડી, જીણાબાવાની મઢી, સરકડીયા હનુમાનજી, બોરદેવી સહિતના પડાવ ઉપર પરિક્રમાર્થીનો માનવ મહેરામણ ઉમટી પડયો છે. રાત્રીના પરિક્રમાના રૂટ ઉપર જંગલમાં મંગલ જેવું દ્રશ્ય સર્જાય છે અને હરીનો માર્ગ છે સુરાનોની પંકિતને સાર્થક કરવામાં આવી રહી છે. રાત્રીના સંતવાણીના કાર્યક્રમો પણ યોજાય છે. ભજન, ભોજન અને ભકિતનો ત્રિવેણી સંગમ સમો પરિક્રમાના મેળામાં હૈયેહૈયુ દળાય તેટલા ભાવિકો ઉમટી પડયા છે.

## જૂનાગઢમાં કોલેજીયન યુવતીના આપઘાત પ્રકરણમાં એકની અટક, મોબાઈલ કબજે કરાયો : તપાસનો ધમધમાટ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢની કોમ્પ્યુટર એન્જિનિયરિંગની વિદ્યાર્થિની જાનવી હિતેષભાઈ મહેતા(ઉ.વ.૧૭)ના એક વર્ષ અગાઉના આપઘાત કેસમાં તાલુકા પોલીસે ૧ ઈસમની ધરપકડ કરી પ્રેમી શખ્સની શોધખોળ હાથ ધરી છે. મૃતક છાત્રાના માતા મિતલબેન મહેતાએ વેરાવળનો સુજલ મારૂ અને ઉપલેટાનો સૌરવ મોડાસીયા વિરૂદ્ધ જાનવીને પ્રેમજાળમાં ફસાવી, બ્લેકમેઈલ કરી મરી જવા મજબૂર કર્યાની ફરિયાદ મંગળવારની રાત્રે નોંધાવી હતી. જેના આધારે જૂનાગઢ તાલુકા પોલીસ મથકના મહિલા પીએસઆઈ જે. ડી. દેસાઈએ ત્વરિત તપાસ હાથ ધરી યુવતીનો બનાવટી ભાઈ સૌરવ પ્રકાશભાઈ મોડાસીયાની ધરપકડ કરી તેનો મોબાઈલ ફોન કબજે કર્યો છે. તપાસનીશ પીએસઆઈ દેસાઈએ જણાવ્યું હતું કે, સૌરવનો કબજે લેવાયેલ મોબાઈલ એફએસએલમાં તપાસ અર્થે મોકલવામાં આવેલ છે. જેતે સમયે આ યુવતીના મોતનાં બનાવમાં એડી નોંધવામાં આવી હતી. પરંતુ જુદા જુદા એંગલથી પોલીસ તપાસ હાથ ધરવામાં આવી હતી. અને મરનારના પરિવારજનોએ રજૂ કરેલા પુરાવાના આધારે મૃતકની માતાની ફરિયાદ લઈ બંને ઈસમો સામે જાનવીને મરી જવા મજબૂર કર્યાનો ગુનો નોંધવામાં આવ્યો છે. મૃતક અને આરોપીઓની ઓડિયો ક્લિપ, ફોટા વગેરે પુરાવારૂપે મેળવી તપાસ આગળ ધપાવવામાં આવી છે. મુખ્ય આરોપી સુજલ મારૂને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શહેરમાં ઝાંઝરડા રોડ પર આવેલ ક્રિષ્ના પાર્ક સોસાયટીમાં રહેતી જાનવી મહેતા ભેસાણ ચોકડી પાસે આવેલ ખાનગી કોલેજમાં કોમ્પ્યુટર એન્જિનિયરિંગમાં ત્રીજા વર્ષનો અભ્યાસ કરતી હતી. અને તેણીએ ગત તા.૫ નવેમ્બર ૨૦૨૨ના રોજ હસનાપુર ડેમમાં ઝંપલાવીને આપઘાત કરી લીધો હતો. જાનવી અને તેની સાથે અભ્યાસ કરતો વેરાવળનો સુજલ પ્રતાપભાઈ મારૂ વચ્ચે પ્રેમ સંબંધ હતો. જેમાં આ ઈસમે દગો દેતા છાત્રાએ આત્મહત્યા કરી લીધી હતી. દરમ્યાન પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## માળીયા હાટીના તાલુકાના ગળોદર ગામે મૈત્રીકરારના મનદુઃખે માર મારી ધમકી આપ્યાની બે સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૪

માળીયા હાટીના તાલુકાના ગળોદર ગામે હાઈવે રોડ ઉપર બનેલા એક બનાવમાં મૈત્રીકરાર તોડી નાખવાના મનદુઃખે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે માળીયા હાટીના પોલીસે આપેલી વિગત અનુસાર, કાળુભાઈ બાબુભાઈ પારમાર(ઉ.વ.૩૫) રહે.ધોરાજી, જૂનાગઢ રોડ, રેલ્વે પાટા પાસે, જી.રાજકોટ અને મુળ ગામ પિખોર તા.માળીયા હાટીના વાળાએ દિલીપભાઈ પુનાભાઈ ગોહેલ રહે.પિખોર તથા સંગમ ગોહેલ રહે.માંગરોળ વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદીના પત્ની એક વર્ષ પહેલા આ કામના આરોપી નં-૧ દિલીપ ગોહેલ સાથે મૈત્રી કરારથી રહેતા હોય જે બાદ છેલ્લા બે એક મહિનાથી મૈત્રી કરાર તોડી ફરિયાદી સાથે રહેવા આવતા જેનું મનદુઃખ રાખી ફરિયાદીનો આરોપી નં-૧ દિલીપ ગોહેલનાએ લાકડીના ધોકા વડે ફરિયાદીને પીઠ પાછળ ઘા મારી તથા આરોની નં-૨ સંગમ ગોહેલ ફરિયાદીને હેલ્મેટથી માથાના ભાગે મારી તેમજ બંને આરોપી ફરિયાદી સાથી બથમ બથી કરી શરીરે મુંઢ ઈજાઓ કરી તેમજ આ કામના ફરિયાદીનો જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી જૂનાગઢ જીલ્લા મેજી.ના હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા માળીયા હાટીના પોલીસે આરોપી વિરૂધ્ધ કલમ ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪, જીપી એકટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ બનાવની વધુ તપાસ માળીયા હાટીના પોલીસ સ્ટેશનના એએસઆઈ વી.એમ. કોડીયાતર ચલાવી રહ્યા છે.

## આખરે ગુજરાતમાં ૬૪૦૦ ટીઆરબી જવાનોને છુટા કરવાનો નિર્ણય મોકુફ રખાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢ સહિત રાજયના વિવિધ શહેરમાં ફરજ બજાવતા ૬૪૦૦ જેટલા ટીઆરબી(ટ્રાફિક બ્રિગેડ) જવાનોને છુટા કરવાનો નિર્ણય મોકુફ રખાયો છે. રાજયના ગૃહમંત્રીએ યોજેલી વર્ચ્યુઅલી બેઠક બાદ રાજયના પોલીસ વડાએ ગુરૂવારે સાંજે આ સંદર્ભે વિધિવત જાહેરાત કરી હતી. રાજયમાં ટ્રાફિક નિયમનની વ્યવસ્થા માટે સેવા આપી રહેલા ટીઆરબી જવાનોને તબક્કાવાર રીતે છુટા કરવાનો નિર્ણય મોકુફ રાખાયો છે. ટીઆરબી જવાનોના ચાલી રહેલા આંદોલનના વચ્ચે ભાજપ સંગઠન તરફથી પણ આ અંગે સુખદ નિર્ણય આવશે તેવા સંકેત મળ્યા હતા. નારાજ થયેલા ટીઆરબી જવાનો રજા ઉપર ઉતરતા ટ્રાફિક વ્યવસ્થા ખોરાઈ હતી અને ઠેર ઠેર ટ્રાફિક જામના દ્રશ્યો સામે આવ્યા હતા. ટીઆરબી જવાનોએ પોતાને છુટા કરવાના નિર્ણયથી નારાજ થઈ જો પોતાના મુદ્દાઓનો ઉકેલ નહી આવે તો ગાંધીનગર સુધી આંદોલન લઈ જવા ચિમકી ઉચ્ચારી હતી. અમદાવાદમાં કલેકટર કચેરી ખાતે આવેદન પત્ર અપાયું હતું. જેમાં પ્રશ્નોનું નિરાકરણ લાવવા માંગ કરી જણાવાયું હતું કે, ભ્રષ્ટાચારી હોય તેમને દુર કરો પણ પ્રમાણિકતાથી કામ કરનારાને છુટા ન કરવા જોઈએ.

અગાઉ જે પરિપત્ર કરાયો તે પ્રમાણે ૧૦ વર્ષથી વધુ સમયથી ફરજ બજાવનારાને ૩૦ નવેમ્બર સુધી ફરજ મુકત કરવા હુકમ કરાયો હતો. એ જ રીતે સેવાના વર્ષ પ્રમાણે તબક્કાવાર છુટા કરવાનો નિર્ણય મોકુફ રહેતા જવાનોને હાશકારો થયો છે.

## ગિરનારની લીલી પરિક્રમમાં એક લાખથી વધુ યાત્રિકોએ નળપાણીની ઘોડી વટાવી

**૩ લાખ કરતા પણ વધારે ભાવિકો ગિરનાર જંગલમાં**

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

ગરવા ગિરનારની લીલી પરિક્રમામાં ભાવિકોનો ખુબ જ ધસારો રહ્યો છે અને માનવ મહેરામણ ઉમટી પડયો છે. ૩ લાખ કરતા પણ વધારે ભાવિકો પરિક્રમાના માર્ગે હોવાનું જાણવા મળે છે. દરમ્યાન એક લાખથી વધુ યાત્રિકોએ નળપાણીની ઘોડી પણ વટાવી દીધી છે. તમામ ભાવિકો પરિક્રમાના પ્રથમ પડાવ જીણાબાવાની મઢી ખાતે પહોંચી અને ત્યાં અન્નક્ષેત્રનો લાભ લીધો હતો.

## જૂનાગઢ સહિત સોરઠમાં ગુલાબી ઠંડીનો ચમકારો : ગિરનાર ઉપર ૧૧ ડિગ્રી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢ સહિત સોરઠ અને સૌરાષ્ટ્ર-કચ્છમાં મિશ્ર વાતાવરણ વચ્ચે ઠંડીમાં વધારો થયો છે. ત્યારે જૂનાગઢ સહિત સોરઠમાં ગુલાબી ઠંડી વધી છે. બુધવારે જૂનાગઢનું લઘુતમ તાપમાન ૧૮.૯ ડિગ્રી રહ્યા બાદ આજે સવારે લઘુતમ તાપમાન ૨.૯ ડિગ્રી ઘટીને ૧૬ ડિગ્રી નોંધાયું છે. જયારે ગિરનાર પર્વત અને તેના જંગલ વિસ્તારમાં પણ ૧૧ ડિગ્રી ઠંડી રહી છે.

## ગિરનાર પરિક્રમા રૂટમાં કોઈ કારણસર અજાણ્યા પુરૂષનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

ભેંસાણ તા.૨૪

નળપાણીની ઘોડી પરિક્રમા રૂટ ઉપર બનેલા એક બનાવમાં કોઈ અજાણ્યો પુરૂષ(ઉ.વ. આશરે ૬૦) વાળો કોઈ અગમ્ય કારણોસર મૃત્યું પામેલ છે. આ બનાવની પોલીસને જાણ થતા ભેંસાણ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

જય ગિરનારીના ગગનભેદી નાદ સાથે

## ગરવા ગિરનાર લીલી પરિક્રમાનો વિધિવત થયેલ શુભારંભ



શ્રી હરિગીરીબાપુ, શ્રી ઈન્દ્રભારતી બાપુ, મહેન્દ્રાનંદગીરી મહારાજ સહિતના સાધુ સંતોની ઉપસ્થિતિમાં ભગવાન ગુરૂ દત્તાત્રેયનું કરાયું પૂજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનારની લીલી પરિક્રમાનો ગઈકાલે દેવ દિવાળીના પાવન પર્વે વિધીવત રીતે શુભારંભ કરવામાં આવ્યો હતો. આ તકે ગિરનાર લીલી પરિક્રમાનો પદાધિકારીઓ તેમજ કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ શ્રીફળ વધેરી શ્રી હરિ ગીરીજી બાપુ, શ્રી ઈન્દ્રભારતી બાપુ, શ્રી મહેન્દ્રાનંદગીરી મહારાજ, સહિતના સંતોની ઉપસ્થિતિમાં વિધિવત પ્રારંભ કરાવ્યો હતો. આ પૂર્વે ભગવાન ગુરૂ દત્તાત્રેયનું શાસ્ત્રોકત પૂજન કરવામાં આવ્યું હતું. પરિક્રમાના વિધિવત પ્રારંભ બાદ ભવ્ય આતશબાજી પણ કરવામાં આવી હતી. કલેકટર સહિતના અધિકારીઓએ ભાવિકોને સુખરૂપ પરિક્રમા માટે શુભકામના પાઠવતા પ્રકૃતિને હાની ન થાય તેની કાળજી લેવા માટે પણ અનુરોધ કર્યો હતો. આ પાવન પરિક્રમાના પ્રારંભ વેળાએ પદાધિકારીઓ, જીલ્લા વહિવટી તંત્રના અધિકારીઓ તેમજ જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, નાયબ વન સંરક્ષક અક્ષય જોશી, જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, નિવાસી અધિક કલેકટર પી.જી. પટેલ, પ્રાંત અધિકારી ભૂમિબેન કેશવાલા, ડેપ્યુટી કમિશનર એ.એસ. ઝાંપડા, કોર્પોરેટર એભાભાઈ કટારા સહિતના પદાધિકારીઓ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંતો-મહંતો, શ્રધ્ધાળુઓ અને ભાવિકોની ઉપસ્થિતિમાં વિધિવત રીતે પરિક્રમાનો શુભારંભ થયા બાદ હજારો ભાવિકો પરિક્રમાના રૂટ ઉપર સેવાનું પુનિત ભાથું બાંધવા રવાના થયા હતા. હર હર મહાદેવ, જય ગિરનારીના ગગનભેદી નાદો વચ્ચે પરિક્રમા રૂટ ઉપર ભકિતભાવ ભર્યો માહોલ સર્જાયો હતો.

## ગિરનારની પરિક્રમામાં ખિસ્સા કાતરૂ સહિત ૨૫૫ વિરૂદ્ધ પોલીસ દ્વારા થઈ કાર્યવાહી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

ગિરનારની પરિક્રમા લાખોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા છે. જયારે પરિક્રમા દરમ્યાન કાયદો, વ્યવસ્થા અને સુરક્ષા જળવાઈ રહે તે માટે ૬ ઝોનમાં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ચાલુ વર્ષે ૧૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓ ઉમટી પડે તેવી શક્યતા હોય ડીઆઈજી નિલેશ જાજડીયાની સૂચનાથી એસપી હર્ષદ મહેતાના નેતૃત્વમાં પોલીસ એક્શન મોડમાં આવી છે. પરિક્રમા દરમ્યાન શ્રદ્ધાળુઓ મિલકત સંબંધી ગુનાનો ભોગ ન બને તે હેતુસર ખિસ્સા કાતરૂ તેમજ શંકાસ્પદ સહિત ૨૫૫ ઈસમો વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. તેમજ ૪૩ શખ્સો વિરૂધ્ધ સીઆરપીસીની કલમ મુજબ પગલા લેવામાં આવ્યા છે. ટ્રાફિકના ગ્રુપમાં ૫૦ વાહનો ટોઈંગ કરી કુલ ૬૧ વાહન ચાલકો સામે ટ્રાફિક નિયમના ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવી છે. પરિક્રમાને લઈ શી ટીમ દ્વારા ફરજની સાથે માનવીય અભિગમ અપનાવી પરિક્રમા દરમ્યાન નાદુરસ્ત, ઈજાગ્રસ્ત થયેલા યાત્રિકોને સારવાર આપવાની કામગીરી કરવામાં આવી રહી છે અને સલામતીના પગલાની સાથે સાથે પોલીસ દ્વારા પોલીસ પ્રજાનો મિત્ર છે તે સૂત્રને સાર્થક કરી સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે.

## ભેંસાણ : ઝગડાના મનદુઃખે તરૂણીનો ગળાફાંસો ખાઈ આપઘાત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

ભેંસાણ તા.૨૪

ભેંસાણ પંથકમાં ઝગડાના મનદુઃખે એક તરૂણીએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાનો બનાવ બહાર આવેલ છે. ભેંસાણ પોલીસે આપેલી વિગત અનુસાર, જાન્વીબેન ડો/ઓ દિનેશભાઈ ભીખાભાઈ ચૌહાણ(ઉ.વ.૧૫) સોવારીયા પ્લોટ, ભેંસાણ વાળીને તેમની બહેન ભૂમિકાબેન સાથે ગઈકાલે સાંજે બોલાચાલી અને ઝગડો થયેલ તે બાબતે લાગી આવતા પોતાની મેળે ઘરમાં આવેલ છતના હુંકમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ લેતા તેનું મૃત્યું થયું છે.

## સોમનાથ મેળામાં જીવ સટોસટની વાસ્તવિકતા એટલે મોતનો કુવો

(પ્રતિનીધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૨૪

સોમનાથ કાર્તિક પુર્ણિમાનો મેળો સોળે કળાએ ખીલ્યો છે. તેમાંયે ચકડોળ, ફજેતફાળકા મીનીટ્રેન અને મોતનો કુવો એ મેળાના મુગટ સમાન આકર્ષણ છે. મોતના કુવામાં જામનગરના બાબા મસ્તાન, એમ.પી.ના સુનિલ, મુઝફરનગરના અબ્દુલ રહેમાન અને સલમા જેવા નિપુણ કૌવત દાખવનારાઓ ઈજ્જતની જીંદગી અને બે ટંકનો રોટલો પામવા માટે લાકડા-લોખંડના માંચડાની ગોળ રીંગમાં એકીસાથે પુરપાટ ઝડપે બે મારૂતી કારો અને બે બાઈકો ઘરઘરાટ કરતી ચાલતી હોય ત્યારે તો જોનારાના શ્વાસ પણ થંભીર જાય અને મનોમન બોલાઈ જવાય છે સલામ છે તમારા કામને.

મોતના કુવાના દર્શન ભાસ્કર વૈદ્ય કહે છે કે તેઓ પોતાની પ્રથમ રાઈડ પહેલા તેના ટેન્ટના મધ્ય સ્થંભને અગરબતી, વંદન કરી સ્થંભ ઉપર માતાજી રક્ષા કવચ ચુંદડી બાંધી પછી ઘરઘરાટી ભરી બાઈકો એકીસાથે ચાર ચાર વાહનો અને તે પણ તેની ગોળાઈમાં છતાં કોઈ વાહનો પડતા નથી કે એકબીજાને લીમીટવાળી જગ્યા હોવા છતાં ટકરાતા નથી કે મોતના કુવામાં માચડાને કુદી બહાર દર્શન ગેલેરીની હદ વટાવતાં નથી.



તેઓનો એક એક ફેરો નવું જીવન હોય છે. કેટલીક વાર તો રીંગમાં દોડતી મારૂતી કારમાંથી લેડીઝ કલાકાર કારનો દરવાજો ખોલી બે હાથ ઉંચા કરી ગજબનાક હિંમત બતાવે. જો કે તેઓની કલા માટે તાળીઓ પડે છે પરંતુ તે આનંદ પાછળ છુપાયેલી છે પીડા, ગ્લાની અને દેશભરનો રઝળપાટ. તેઓ માને છે કે આ ધંધામાં જોખમ તો છે જ પરંતુ મારનેવાલો સે બચાનેવાલ માલીક બડા હે..

# પરિક્રમા રૂટ જય ગિરનારીના નાદથી ગુંજ્યો, અનેરો ઉત્સાહ સાથે ગિરનાર લીલી પરિક્રમા કરતા ભાવિકો

## જીલ્લા વહીવટી તંત્રની વ્યવસ્થાઓને આવકારતા ભાવિકો: તંત્ર ખડે પગે છે : કોઈ તકલીફ નથી : સૌરાષ્ટ્ર-ગુજરાતની સંસ્કૃતિની ઉજાગર કરતા અન્નક્ષેત્રો પણ હરી હરના નાદથી ગુંજ્યા






જૂનાગઢ, તા.૨૪

પાવનકારી ગિરનાર લીલી પરિક્રમામાં ભાવિકો પુણ્યનું ભાથું બાંધવા ગુજરાત સહિતના દેશના અન્ય રાજ્યમાંથી ભાવિકો ઉમટી પડ્યા છે. યાત્રાળુઓ અનેરો ઉત્સાહ સાથે અને લીલી વનરાઈ વચ્ચે આનંદ-ઉમંગ સાથે પગપાળા ગિરનાર લીલી પરિક્રમા કરી રહ્યા છે. ભાવિકોની સગવડતા માટે જિલ્લા વહીવટી તંત્ર જરૂરી પ્રાથમિક સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર-ગુજરાતની સંસ્કૃતિની ઉજાગર કરતા સેવાભાવી સંસ્થાઓ દ્વારા ચાલતા અન્નક્ષેત્રો પણ હરી હરના નાદથી ગુંજી ઉઠ્યા છે, ભાવિકો પણ ભાવ સાથે ભોજન-ભજન કરીને ભાવિકો ધન્યતા અનુભવે છે. આમ, ભક્તિમય માહોલ વચ્ચે અને અનેરા ઉત્સાહ સાથે પરિક્રમાના સમગ્ર રૂટ પર જય ગિરનારીનો નાદ ગૂંજી ઉઠ્યો હતો.

ભેંસાણ તાલુકાના મોરવાડા ગામના સરપંચ તેમની ટીમ સાથે પરિક્રમામાં હતા. તેમણે કહ્યું કે, પરિક્રમા રૂટ ઉપર તંત્ર ખૂબ સારી કામગીરી કરવામાં આવી છે, કોઈપણ અગવડતા પડે તેમ નથી. ભાવિકો ઉત્સાહ સાથે પરિક્રમા કરે છે. આ સાથે તેમણે કલેકટરશ્રી અને જિલ્લા વહીવટી તંત્રનો આભાર માન્યો હતો.

વર્ષો વર્ષ પરિક્રમામાં આવતા મહેસાણા કડી નજીકના મુક્તેશ્વર મહાદેવ મંદિરના સેવક કહે છે કે, જિલ્લા વહીવટી તંત્ર-વન વિભાગ દ્વારા ખૂબ સારી વ્યવસ્થાઓ છે. જેમાં લોકોએ પણ તંત્રને સહકાર આપવો જોઈએ. તેમ તેમણે જણાવ્યું હતું.

બનાસકાંઠાના દિયોદર તાલુકાના નવાગામથી પહેલીવાર ગિરનાર લીલી પરિક્રમા માટે પધારેલા નરસુંગભાઈ પટેલ જણાવે છે કે, તંત્ર દ્વારા યાત્રાળુઓ માટે જીણામાંઝીણી બાબતોની કાળજી લેવામાં આવી છે. આરોગ્ય સેવા માટે ડોક્ટરની ટીમ અન્ય મદદ માટે પોલીસ અને વન વિભાગના કર્મચારીઓ ખડેપગે છે. તેમણે દરેકને એકવાર પરિક્રમા કરવાના આગ્રહ સાથે જિલ્લા વહીવટી તંત્રને યાત્રાળુઓ માટે કરેલ કામગીરી માટે અભિનંદન આપ્યા હતા. અન્ય એક યુવા યાત્રાળુએ કહ્યુ હતુ કે, કુદરત-પ્રકૃતિનું સાનિધ્યમાં ઘણું શીખવા મળે છે. તેમ જણાવ્યું હતું.




નડિયાદથી છેલ્લા પાંચ વર્ષોથી લીલી પરિક્રમા માટે આવતા મનદીપ ઠાકર પરિક્રમાના અનુભવને સારો ગણાવતા જણાવ્યું છે કે, ખાસ કરીને પર્યાવરણની જાળવણી માટે સમગ્ર રૂટ કચરા પેટીઓ મૂકવામાં આવી છે. ભાવિકોને તબીબી મદદ માટે ડોક્ટરની ટીમ પણ તૈનાત છે. એવા જ ભાવિક તાલાળાથી છેલ્લાં પાંચ વર્ષથી લીલી પરિક્રમામાં આવતા ભદ્રેશ જાની એ પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા થયેલ વ્યવસ્થાઓને બિરદાવી હતી. ઉપરાંત એક યુવા યાત્રાળુઓ કહ્યુ કે, કુદરત-પ્રકૃતિનું સાનિધ્યમાં ઘણું શીખવા મળે છે. તેમ જણાવ્યું હતું.

# પરિક્રમાર્થીઓના આરોગ્યની કાળજી માટે તંત્ર દ્વારા અખાદ્ય ચીજ વસ્તુઓનો નાશ કરાયો

## પુરવઠા તંત્ર, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા તથા તલમાપ ખાતાની સંયુક્ત ટીમ દ્વારા કાર્યવાહી





જૂનાગઢ, તા.૨૪

ગિરનાર લીલી પરીક્રમા-૨૦૨૩ અંતર્ગત દૂધ વિતરણ વ્યવસ્થા, ખોરાકમાં ભેળસેળ વગરની યાત્રિકોને આરોગ્યપ્રદ ખાદ્યચીજ-વસ્તુઓ મળી રહે મળી રહે તે માટે હોટલ રેસ્ટોરન્ટ તથા દુકાનોમાં ભેળસેળ ન થાય તેમજ હોટલોમાં કેરોસીન ગેસનો અનઅધિકૃત ઉપયોગ ન થાય તથા યાત્રિકોને નિયત કરાયેલ ભાવ તથા વજન મુજબ ચીજ વસ્તુઓ મળી રહે તે માટે કલેકટર અનિલકુમાર રાણાવાસિયાના માર્ગદર્શન હેઠળ જિલ્લા પુરવઠા અધિકારીશ્રી દ્વારા તપાસની ટીમોની રચના કરવામાં આવી હતી. ગિરનાર પરિક્રમામાં આવેલ જુદી-જુદી દુકાનો ખાણીપીણીના સ્ટોલ, દૂધ વિતરણ કેન્દ્રની પુરવઠા તંત્ર, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા તથા તલમાપ ખાતાની સંયુક્ત ટીમ દ્વારા આજરોજ ૧૯ દુકાન -દૂધ કેન્દ્રો અને અન્ન ક્ષેત્રની તપાસમાંથી મળી આવેલ અખાદ્ય જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. જેમાં બાફેલ બટાકા, ખાધ્ય કલરના પેકેટ્સ, ખરાબ થયેલ શાકભાજી તથા દાઝેલા તેલના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો.

# પરિક્રમામાં સૌનો સહયોગ : વહીવટી તંત્રના પ્રયાસોથી સેવાકીય સંસ્થાએ જંગલના માર્ગે ૪૦ ટોયલેટ બ્લોક બનાવ્યા

## પ્રથમ વખત સુંદર આયોજન : ભાવિકોનો આવકાર



જૂનાગઢ, તા.૨૪

ગિરનારની લીલી પરિક્રમામાં સૌના સહયોગથી ભાવિકો માટે સવલતો ઊભી થઈ રહી છે. જિલ્લા વહીવટી તંત્રના પ્રયાસો થી પ્રથમ વખત પરિક્રમાના જંગલના માર્ગે ૪૦ હંગામી ટોઈલેટ બ્લોક જોવા મળશે. કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં આ વખતે પરિક્રમાના આયોજનમાં પહેલેથી જ હેલ્થ - સેનિટેશન પર અગ્રતા આપવામાં આવી રહી છે. જેના ભાગરૂપે સ્વૈચ્છિક સંસ્થાઓને સાથે રાખીને કેટલીક સેવાકીય પ્રવૃત્તિ પણ હાથ ધરવામાં આવી છે જે અંતર્ગત લક્ષ્ય ફાઉન્ડેશન દ્વારા જીણાબાવાની મઢી પાસે ૨૦ અને ૨૦ ટોયલેટ બ્લોક બોરદેવી પાસે ઊભા કરવામાં આવ્યા છે. આ પ્રકારનું પરિક્રમામાં પ્રથમ વખત આયોજન છે જેને ભાવિકોએ આવકારેલ છે. જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા પણ ૨૦ મોબાઈલ ટોયલેટ યુનિટ ભવનાથ વિસ્તારમાં મૂકવામાં આવ્યા છે.

# રાષ્ટ્ર સંત નમ્રમુનિ મહારાજ સાહેબનું 'પ્લાસ્ટિક મુક્ત પરિક્રમા' માં અનેરૂ યોગદાન

જૂનાગઢ, તા.૨૪

ભવનાથ તળેટીમાં રાષ્ટ્ર સંત નમ્રમુનિ મહારાજ સાહેબનું ચાતુર્માસ ચાલી રહેલ છે. ગુરૂદેવના દર્શન અને આશીર્વાદ માટે 'પ્રકૃતિ મિત્ર' એન.જી.ઓ.ના ચેર પરસન ડો.ચીરાગબેન ગોસાઈ અને તેની સમગ્ર પ્રકૃતિમિત્રની ટીમ આવેલ હતી ત્યારે ગુરૂદેવે આ સંસ્થાની બધી જ પ્રવૃત્તિની જાણકારી મેળવી ત્યારે કહ્યું કે પ્રકૃતિની જાળવણી કરવી એ પણ એક ધર્મ જ છે. ગુરૂદેવે સમગ્ર ટીમને આશીર્વાદ આપેલ હતા અને આ સેવા યજ્ઞમાં પારસ ધામ ગિરનાર વતી સૂતરની થેલીઓ આશરે ૧૦,૦૦૦ જેટલી આપેલ જે કેમ્પમાં પ્લાસ્ટિકની થેલી લઈને આ ઈકો ફ્રેન્ડલી થેલી અપાઈ રહી છે. ગુરૂદેવે સમયની અનુકૂળતા હસે તો કેમ્પમાં પણ પધારવાની સમતી આપેલ હતી. પ્રકૃતિની રક્ષા માટે એક જૈન મુનિ આટલી કાળજી લે અને પ્લાસ્ટિક મુક્ત પરિક્રમા માટે આટલી જંગી થેલીનું અનુદાન કરે તે બદલ સમગ્ર પ્રકૃતિ પ્રેમીઓ ગુરૂદેવ પ્રત્યે અહોભાવ વ્યક્ત કરી રહ્યા છે.

# UNM ફાઉન્ડેશન દ્વારા આયોજિત અભિવ્યક્તિ-ધ સિટી આર્ટસ પ્રોજેક્ટની પાંચમી આવૃતિનો આજથી શુભારંભ

## કલા જગતની જાણીતી હસ્તિઓની સાથે અનેક ઉભરતા કલાકારો પાવર-પેક્ડ પર્ફોર્મન્સ રજુ કરશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૪

ટોરેન્ટ ગ્રુપના મહેતા પરિવારના UNM ફાઉન્ડેશન દ્વારા આયોજિત અભિવ્યક્તિ-ધ સિટી આર્ટસ પ્રોજેક્ટની પાંચમી આવૃતિનો આજ તા.૨૪મી નવેમ્બરથી અમદાવાદ ખાતે પ્રારંભ થશે. આ કાર્યક્રમ ૧૦મી ડિસેમ્બર, ૨૦૨૩ સુધી ગુજરાત યુનિવર્સીટી કેમ્પસ ખાતે યોજવામાં આવશે. અમદાવાદ શહેરમાં ચાર સફળ આવૃત્તિઓ પૂર્ણ કર્યા પછી, અભિવ્યક્તિ-ધ સિટી આર્ટસ પ્રોજેક્ટની આ પમી આવૃત્તિમાં કલા, નૃત્ય, સંગીત, થિયેટર અને વિઝ્યુઅલ આર્ટ્સના ક્ષેત્રના જાણીતા નામો અને આશાસ્પદ પ્રતિભાઓ દ્વારા પાવર-પેક્ડ પર્ફોર્મન્સ રજુ કરવામાં આવશે.

અગાઉની આવૃત્તિઓને અનુરૂપ, અભિવ્યક્તિની પાંચમી પમી આવૃત્તિ, અમદાવાદ શહેરના પ્રેક્ષકો માટે UNM ફાઉન્ડેશન ટીમ દ્વારા કલ્પના કરાયેલ, કોઈપણ કિંમત અને થ્રેશોલ્ડ વિના સંપૂર્ણપણે આનંદ અને અનુભવ કરાવવા માટે કલા અને પ્રદર્શનના નવલકથા કાર્યોનું વચન આપે છે. અભિવ્યક્તિનું મિશન રહ્યું છે કે કલાના વિવિધ સ્વરૂપોમાં મૌલિક અને નવીન વિચારો ધરાવતા કલાકારોને પ્લેટફોર્મ પૂરૂ પાડવું. જેને અનુરૂપ પમી આવૃત્તિમાં ૪૩ કલાકારો અને પ્રસ્તુતકર્તાઓ સ્ટેજ પર પદાર્પણ કરી રહ્યા છે. પાંચમી આવૃત્તિ માટે પણ કલાકારો તરફથીર ખૂબ જ ઉત્સાહ દર્શાવવામાં આવ્યો છે, જેના પરિણામે ગુજરાત સહિત ભારતભરમાંથી ૭૭૫થી વધુ અરજીઓ પ્રાપ્ત થઈ છે.

અભિવ્યક્તિની સફર પાંચમાં વર્ષના એક મહત્વના સીમાચિહ્ન સુધી પહોંચી છે, ત્યારે તેને આગળ ધપાવવા માટે, નવી વાર્તાઓ સામે લાવવા માટે અમે #EveryStoryMatters અભિયાન અંતર્ગત પ્રયત્નો કરી રહ્યા છીએ. આ વાર્તાઓ લોકોને સમજવાનો અને તેમન નવી વાર્તાઓ સાથે જોડવાનો એક માર્ગ છે. આ કાર્યક્રમ વિવિધ સંવેદનાને આપણી સામે લાવશે, જે માનવ સંવેદનાની વાર્તાઓ સ્વરૂપે આપણી સામે એક મંચ ઉપર રજુ થશે. ચારેય કલા સેગમેન્ટ - વિઝ્યુયલ આર્ટ, મ્યુઝિક, ડાન્સ અને થિયેટર સાથે સંકળાયેલા ૮૭ કલાકારોને એક પખવાડિયા સુધી હોસ્ટ કરશે અને અગાઉ ક્યારેય ન થઈ હોય તેવી કલાની સાધાના રજુ કરશે.

"દરેક વાર્તા એક અનન્ય પ્રતિબિંબ છે કે જે આપણને વ્યક્તિગત અને સામુહિક રીતે આપણે કોણ છીએ તે સમજાવશે. તે આપણા અનુભવો, માન્યતાઓ અને મૂલ્યોની જટિલતાઓની એક ઝલક તથા વિવિધતામાં એક્તાની સુંદરતાને રજુ કરે છે અને આપણી દુનિયાને સમૃદ્ધ બનાવનાર અસંખ્ય દ્રષ્ટિકોણની ઉજવણી કરે છે. વાર્તાઓમાં સમાયેલ અનેક સ્વરૂપો માનવતાના જટિલ સ્તરોને ઉજાગર કરે છે.'' સુશ્રી સપના મહેતા - ડાયરેક્ટર, યુએનએમ ફાઉન્ડેશન. પમી આવૃત્તિ માટે આર્ટ અને પર્ફોર્મન્સ ચાર શૈલીઓમાં પાંચ આર્ટ ક્યુરેટર્સ દ્વારા ક્યુરેટ કરવામાં આવ્યા છે, જેમ કે સંગીતમાં ભાર્ગવ પુરોહિત, થિયેટરમાં ચિરાગ મોદી, વિઝ્યુઅલ આર્ટસમાં ધારા દવે વ્યાસ અને નૃત્યમાં જૈમિલ જોષી, જ્યારે કથંકી રાવલ શેઠ નૃત્યમાં સહાયક ક્યુરેટર છે. આ ઉપરાંત અભિવ્યક્તિની આ પમી આવૃત્તિને કલા ક્ષેત્રના પ્રખ્યાત નામો - દક્ષા શેઠ, નબીબક્ષ મન્સૂરી, રજત ધોળકિયા અને સૌમ્યા જોશી નું મેન્ટર તરીકે માર્ગદર્શન પ્રાપ્ત થયું છે. અભિવ્યક્તિની શરૂઆત વર્ષ ૨૦૧૮માં પ્રથમ આવૃત્તિથી થઈ હતી. ત્યારથી આજ સુધી ગુજરાતના ૨૫૦ થી વધુ કલાકારો અને UNM ફાઉન્ડેશના આ અનન્ય પ્લેટફોર્મને કલાના ઉત્સવસમું બનાવી દીધું છે. છેલ્લાં પાંચ વર્ષોમાં અભિવ્યક્તિને લોકોની ચાહના અને પ્રશંસા હાંસલ કરી છે અને ૧ લાખથી વધુ લોકો આ આકર્ષક કલા પ્રદર્શનના સાક્ષી રહી ચૂક્યા છે.

# હિમાચલ ખાતે યોજાનારી નેશનલ ગેમમાં વિનોદ કરમુર લેશે ભાગ : શુભેચ્છા અપાઈ



જૂનાગઢ તા.૨૪

જીલ્લા પંચાયત સ્પોર્ટસ કલબ ગાંધીચોક જૂનાગઢ ખાતો ચીફ ક્રિકેટ કોચ હનીફભાઈ કુરેશી દ્વારા વિનોદ કરમુરનો ક્રિકેટ કોચીંગ સાથો ઉચીકુદ, લાંબીકુદની ટ્રેનીંગ આપતા વિનોદમાં ટેલેન્ટ જોતા કુરેશીભાઈએ ગાંધીનગર ખાતો આવેલ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયામાં વિનોદનો એડમીશન દેવડાવેલ અન્ડર ૧૭માં વિનોદ લાંબીકુદ તથા ઉચીકુદમાં ગુજરાત પ્રથમ આવી ગોલ્ડ મેડળ મેળવેલ હિમાચલ પ્રદેશના ધર્મશાળા સ્પોર્ટસ ગ્રાઉન્ડ ખાતો તા.૨૮-૧૧-૨૦૨૩થી યોજાનાર નેશનલ ગેમમાં ભાગ લેવા ગુજરાત તારફથી જશે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાની ક્રિકેટ ટીમમાં પણ વિનોદની પસંદગી થયેલ છે. જીલ્લા પંચાયત સ્પોર્ટસ કલબના પ્રમુખ અતુલભાઈ વ્યાસ, મંત્રી અલ્તાફભાઈ સીડા, ખજાનચી નાથુભાઈ ઠાકર વિનોદ ઈન્ડિયા લેવલે ગુજરાતનુ નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવેલ છે.

# ભંડુરી ગામે શ્રી રણછોડદાસબાપુની ચેતન સમાધીની જગ્યામાં તુલશી રોપી બાળાઓને પ્રસાદી વિતરણ કરાયું



(પ્રતિનિધિ દ્વારા) પ્રભાસ પાટણ, તા.૨૪

ભંડુરી ગામે સમાધિસ્થ સાધુ શ્રી રણછોડદાસ ભગવાનદાસ બાપુની ચેતન સમાધિની જગ્યામાં ભિખારામ હરિયાણી દ્વારા નિર્માણ પામી રહેલ 'માર્ગીધામ' આશ્રમમાં ગઈકાલ કાર્તિકી સુદ અગિયારસ અને તુલસી વિવાહના પવિત્ર દિવસે ૧૨:૩૯ના શુભ સમયે મુસ્લિમ બાળા કુલસુમબેન દલ તથા દલિત બાળા અસ્મિતાબેન મકવાણા તથા દેવીપૂજકની બાળા તથા અન્ય સમાજની બાળા દ્વારા ઢોલ શરણાઈના સુર સાથે આશ્રમમાં તુલસી રોપીને શુભ કાર્યની શરૂઆત કરવામાં આવી હતી તથા તમામ બાળાઓને પ્રસાદી રૂપે રોકડ અર્પણ કરી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# પ્રાથમિકતાનાં ધોરણે કરવાના કામો અંગે સુપ્રિમ કોર્ટે નિર્દેશ આપવો પડે તે દુર્ભાગ્ય

જે કામ સરકારો, સ્થાનિક પ્રશાસન અને શિક્ષણ વિભાગે પ્રાથમિકતાના ધોરણે કરવાના હોય, તેના માટે સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપવા પડે છે તે દુર્ભાગ્યપૂર્ણ છે. અમૃતકાળમાં પણ દેશની તમામ સરકારી સ્કૂલોમાં છાત્રાઓ માટે અલગ શૌચાલય નથી બન્યાં તે વિટંબણા જ કહી શકાય. તેને કારણે માસિક ધર્મ દરમ્યાન છાત્રાઓએ શરમજનક સ્થિતિમાં મૂકાવું પડે છે. એ દિવસોમાં તેઓ સ્કૂલે જવાનું ટાળે છે. ત્યાં સુધી કે મોટી સંખ્યામાં છાત્રાઓ સ્કૂલમાં અલગ શૌચાલય ન હોવાને કારણે ભણવાનું પણ છોડી દે છે. બિનઉત્પાદક કાર્યો અને લોકરંજક કામોમાં પૈસા પાણીની જેમ વહાવનારી રાજ્ય સરકારો એક બેહદ જરૂરી કાર્યની અવગણના કરી રહી છે. આ તંત્રની સંવેદનહીનતાની જ પરિકાષ્ઠા કહી શકાય. કેટલાય અધ્યયનોમાં નિષ્કર્ષ સામે આવ્યો છે કે સ્કૂલોમાં સ્વચ્છ અને ક્રિયાશીલ શૌચાલયોની કમીની અસર છાત્રાઓના ભણતર પર પડે છે. કારણ સ્પષ્ટ છે કે મુશ્કેલ દિવસોમાં છાત્રાઓ સ્કૂલે ઓછી આવે છે. એવાં કેટલાંય ઉદાહરણો જોવા મળ્યાં છે જ્યારે છાત્રાઓ શૌચાલયનો ઉપયોગ કરવાથી બચવા માટે ભોજન, પાણી અને પેય પદાર્થોનો ઉપયોગ ઘટાડી દે છે. હાલત એટલી ખરાબ છે કે ૨૦૨૦ના એક સર્વેક્ષણમાં જોવા મળ્યું કે ચાલીસ ટકા સ્કૂલોમાં કાં તો શૌચાલય હતાં જ નહીં, અથવા તો તે કામ નહોતાં કરતાં.

સુપ્રીમ કોર્ટના હાલના નિર્દેશમાં કેન્દ્ર સરકારને સ્વચ્છતાના બુનિયાદી માળખાને ઉન્નત કરવા માટે કહેવામાં આવ્યું છે. સાથે જ સરકારી સહાયતા પ્રાપ્ત સ્કૂલો અને આવાસીય સ્કૂલોમાં છોકરીઓની સંખ્યાને અનુરૂપ શૌચાલય બનાવવા માટે રાષ્ટ્રીય મોડલ તૈયાર કરવાનું કહ્યું છે. આ પહેલાં પણ કોર્ટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં છાત્રાઓ માટે માસિક ધર્મ સ્વચ્છતા યોજના પ્રસ્તુત કરવાનો આદેશ આપ્યો હતો. સાથે જ સ્કૂલોમાં સસ્તા સેનિટરી પેડ ઉપલબ્ધ કરાવવા તથા ઉપયોગ કરાયેલા પેડોનો યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવા માટે ઉઠાવાયેલ પગલાં પર વિશેષ જાણકારી માંગવામાં આવી હતી. સુપ્રીમનું કહેવું છે કે સેનિટરી નેપકીનના વિતરણ માટે વ્યાવહારિક પરિપાટી બનાવવાની સાથે જ રીતભાતમાં એકરૂપતા લાવવામાં આવે. જેના પર કેન્દ્ર સરકારની દલીલ હતી કે માસિક ધર્મ સ્વચ્છતા પર રાષ્ટ્રીય નીતિનો મુસદ્દો હિતધારકોનું મંતવ્ય જાણવા માટે મોકલવામાં આવ્યો છે. મુશ્કેલી જુઓ કે લગભગ એક દાયકા પહેલાં પણ સુપ્રીમ કોર્ટે સ્કૂલોમાં છાત્ર-છાત્રાઓ માટે અલગ શૌચાલય અને નિયમિત પાણી સુનિશ્ચિત કરવાનું કહ્યું હતું. તેને શિક્ષણના અધિકાર અધિનિયમનું અભિન્ન અંગ ગણાવ્યું હતું. સર્વે દર્શાવે છે કે સ્કૂલોમાં અલગ શૌચાલય બન્યા બાદ છાત્રાઓની સંખ્યામાં ઘણો વધારો થયો હતો. એવામાં કુશળતા સાથે સ્વચ્છતા સુનિશ્ચિત કરાવવી ઓર મહત્ત્વપૂર્ણ થઈ જાય છે. અસલમાં સવાલ પ્રાથમિકતાઓનો છે. નાણાંની અછતનો તર્ક તો પાખંડ જ છે. અંતિમ લ-ચ સ્વચ્છ પ્રથાઓને ઉન્નત કરીને છાત્રાઓની શૈક્ષણિક ભાગીદારી વધારવાનું જ હોવું જોઇએ.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સાચી મહેનત વગર કોઈપણ વ્યક્તિમાં મહાન વ્યક્તિત્વ પેદા થઈ શકતું નથી...

-એરિસ્ટોટલ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.તીર-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, કારતક સુદ-૧૨ ચાતુર્માસ સમાપ્ત, તુલસી વિવાહ પ્રારંભ, પ્રદોષ, ગુરૂ તેગબહાદુર શહિદ દિન, પંચક (સાંજે ૪:૦૧ ક.થી સમાપ્ત) તા.૨૪ નવેમ્બર ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૧૧, મુસ્લિમ તા.૧૦, રેવતી નક્ષત્ર, સિધ્ધિ યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૧૧, સૂ.અ.૬:૦૪


આજનો દિવસ સાધરણ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ), સાંજે ૪:૦૧ ક. પછી જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મનની મુરાદ બર ન આવે. ગૃહ વિવાદ થાય, સાંચવીને કામ કરવું.
વૃષભ:અણધારી આફતના ભોગ બનવું પડે. કાર્યક્ષેત્રની નુકશાની.
મિથુન:આરોગ્યની બાબતે સાવચેતી રાખવી જરૂરી બને. ગૃહવિવાદ.
કર્ક: કાર્યક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરી શકશો. નવા શુભ સમાચાર મળે.
સિંહ: આર્થિક સમસ્યા દૂર થાય. કૌટુંબિક વાતાવરણ આનંદ-મંગલમય રહે.
કન્યા: પ્રવાસમાં લાભ થાય. કર્મક્ષેત્રે વિશેષ લાભ મેળવી શકશો.
તુલા: નવિન સમાચાર મળે. જીવનસાથીથી મદદ મળે.
વૃશ્ચિક:આર્થિક નુકશાની ભોગવવી પડે. ખોટા સાહસોથી દૂર રહેવું.
ધન: વ્યર્થ ચિંતાના ભોગ બનવું પડે. વ્યવહારોમાં અંતરાયથી દૂર રહેવું.
મકર: વાણીસંયમ જાળવવો હિતાવહ. કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ મળે.
કુંભ: મનમાં પ્રસન્નતા રહે. કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ થાય.
મીન: પ્રવાસમાં સફળતા મળે. અણધાર્યો લાભ મેળવી શકશો.

# ચીનમાં ૨૦૨૦ બાદ લગભગ ૧૩૦૦ મસ્જિદો બંધ કરી દેવાઈ





બિજિંગ, તા.૨૪

મુસ્લિમો પર અત્યાચાર માટે કુખ્યાત બનેલા ચીનને લઈને એક નવો ખુલાસો થયો છે. હ્યૂમન રાઈટ્સ વોચના એક અહેવાલ અનુસાર ચીનના નિંજિયા તેમજ ગાંસુ વિસ્તારમાં ચીનના અધિકારીઓએ મસ્જિદો બંધ કરાવવા માંડી છે. સંસ્થાના કાર્યકર્તાઓએ બે ગામોની સ્થિતિ જાણવા માટે સેટલાઈટ ઈમેજિસનો અભ્યાસ કર્યો હતો અને તેમાં જાણવા મળ્યુ હતુ કે, આ બંને ગામોમાં ૨૦૧૯ થી ૨૦૨૧ વચ્ચે તમામ સાત મસ્જિદોના ગુંબજો તેમજ મીનારાઓને હટાવી દેવાયા હતા અને ત્રણ ઈમારતો તો તોડી પડાઈ હતી. માન્ચેસ્ટર યુનિવર્સિટીના ડેવિડ સ્ટ્રેપ તેમજ પ્લાયમાઉથ યુનિવર્સિટીના અધ્યાપક હન્ના થેકરે ઉપરોક્ત અભ્યાસ કર્યો હતો. તેમનુ અનુમાન છે કે, નિંજિયામાં લગભગ ૧૩૦૦ મસ્જિદો ૨૦૨૦ બાદ બંધ કરી દેવાઈ છે. આ આંકડામાં એ મસ્જિદો સામેલ નથી કે જેને તોડવામાં આવી છે અથવા તો તેમાં ફેરફાર કરવાની ફરજ પાડવામાં આવી છે. સંશોધકો પાસે બદલાયેલી મસ્જિદોની ચોક્કસ સંખ્યા તો નથી પણ આવી મસ્જિદો પણ સેંકડોમાં થવા જાય છે. ચીનના જોંગવેઈ શહેરના અધિકારીઓએ ૨૦૧૯માં કહ્યુ હતુ કે, મુસ્લિમો પર અત્યાચાર માટે ચીનને લઈને નવો ખુલાસો અમે ૨૧૪ મસ્જિદોને બદલી નાંખી છે. ૫૮ને તોડી છે અને ગેરકાયેદસર રીતે ચાલતી ૩૭ મસ્જિદોને બંધ કરાવી છે. આ રિપોર્ટ જાહેર કરાયા પછી પણ આશ્ચર્યજનક વાત એ છે કે, એક પણ મુસ્લિમ દેશે ચીનનો વિરોધ કરતી પ્રતિક્રિયા હજી સુધી આપી નથી. પોતાને મુસ્લિમ જગતનુ આગેવાન ગણાવતુ પાકિસ્તાન પણ ચૂપ છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૬માં રાષ્ટ્રપતિ શી જિનપિંગે તમામ ધર્મોનુ ચીનીકરણ કરવાની જાહેરાત કરી હતી અને એ પછી મસ્જિદોની ડિઝાઈન બદલવા માટે તંત્ર સક્રિય થઈ ગયુ હતુ. ઈસ્લામિક બાંધકામોના નિર્માણ અને ડિઝાઈનને લઈને કડકાઈભર્યા નિયંત્રણો પણ અમલમાં લવાયા હતા.

### સ્પિડ, બુદ્ધિ અને તાકાત માટે પ્રખ્યાત

# તુર્કમેનિસ્તાનના કરાકુમ રણમાં સૌથી સુંદર ઘોડો





નવી દિલ્હી, તા.૨૪

ઘોડાની તમામ બ્રિડ લગભગ તમે જોઈ હશે. પણ શું દુનિયાનો સૌથી સુંદર ઘોડો જોયો છે? સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં તે દેખાઈ રહ્યો છે. લોકો તેને જોઈને નવાઈ પામી રહ્યા છે, આપને જણાવી દઈએ કે, આ ઘોડાની એક ખાસ બ્રિડ છે, એક દેશ છે, જ્યાં તે જોવા મળે છે. તે જોવામાં ખૂબ જ સુંદર હોય છે. તેના શરીરની ચમક દૂર જ દેખાઈ આવે છે. ઘોડાની આ બ્રિડ અરબી ઘોડાથી પણ જુની હોવાનું કહેવાય છે. કહેવાય છે કે, આ સ્વર્ગથી આવ્યો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર @Gabriele_Corno અકાઉન્ટથી શેર કર્યો છે. કેપ્શનમાં તેમણે લખ્યું છે કે, આ એક દુર્લભ બ્રિડ અખલ ટેકે નામથી ઓળખાય છે. તેનું શરીર સોનેરી ચમકદાર કોટવાળું હોય છે. તેના કારણે તેને ગોલ્ડન હોર્સના નામથી ઓળખવામાં આવે છે. તુર્કમેનિસ્તાનના કરાકુમ રણમાં અખલ ટેકે બ્રિડના ઘોડા જોવા મળે છે. કહેવાય છે કે ટેકે આદિવાસી જનજાતિના લોકોએ હજારો વર્ષ પહેલા અખલ મરુસ્થળમાં ઘોડાની આ બ્રિડની ઓળખ કરી હતી. તેનું પાલન પોષણ કર્યું. તેના કારણે આ નસલનું નામ અખલ ટેકે પડ્યું. તેનો ઈતિહાસ ખૂબ જ જૂનો છે. ૩૦૦૦ વર્ષ પહેલા પણ તેનો ઉલ્લેખ મળે છે. તેને સ્પિડ, બુદ્ધિ અને તાકાત માટે પસંદ કરવામાં આવે છે. તેની છલાંગ એટલી વધારે છે કે, સામાન્ય રીતે તે પકડમાં આવતો નથી. જ્યારે તે છલાંગ લગાવે છે તો, તેના વાળ ઉડે છે અને તેનું સોનેરી શરીર દેખાઈ આવે છે. આ ઘોડાની ભારતમાં કિંમત લગભગ ૩૦ લાખ રૂપિયા સુધી હોય શકે છે. કહેવાય છે કે, આ ઘોડો ખૂબ જ વફાદાર હોય છે અને તે ફક્ત પોતાના માલિકને જ સવારી કરવા દે છે.

આખી દુનિયામાં આ નસલના ઘોડા ૭૦૦૦થી પણ ઓછા છે. અખલ ટેકે તુર્કમેનિસ્તાનનું રાષ્ટ્રીય પશુ પણ છે.

# વિશ્વમાં સૌ પ્રથમ પાટણમાં લીલી ડુંગળીમાંથી પાણી શુદ્ધીકરણનું સફળ સંશોધન

### ગુજરાતના પાટણ જિલ્લામાં શુદ્ધ પાણીની સમસ્યાનું સમાધાન મળી ગયું



અમદાવાદ,તા.૨૪

દુનિયામાં દિનપ્રતિદિન શુદ્ધ પાણીનો જથ્થો ખતમ થઈ રહ્યો છે. પાણીના શુદ્ધીકરણનો ખર્ચ પણ ખુબ મોટો હોય છે. પાણી વિના આપણને ચાલવાનું નથી એ વાત પણ એટલી જ સાચી છે. ત્યારે ગુજરાતના પાટણ જિલ્લામાં આ સમસ્યાનું સમાધાન મળી ગયું છે. વિશ્વમાં સૌ પ્રથમ પાટણમાં લીલી ડુંગળીમાંથી પાણી શુદ્ધીકરણનું કામ હાથ ધરવામાં આવ્યું છે. વિશ્વમાં સૌપ્રથમ ખાવાની લીલી ડુંગળીની ફેંકી દેવામાં આવતી છાલનાં રસ માંથી અશુદ્ધપાણીને શુદ્ધ કરવાનું સફળ સંશોધન કરવામાં આવ્યું છે. ભવિષ્યમાં અશુદ્ધ પાણી વ્યર્થ જાય તેના અદલે તેનું શુદ્ધિકરણ કરી ફરી વપરાશમાં લઈ શકાય અને અશુદ્ધ પાણીના કારણે થતા કેન્સર જેવા ગંભીર રોગો અટકાવી શકાય તેવા ઉદ્દેશથી આ નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો. હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી લાઈફ સાયન્સ વિભાગના પ્રો. ડૉ. આશિષ પટેલ ના માર્ગદર્શન હેઠળ ડૉ.નિશા ચૌધરી અને ડો. વિરેન્દ્ર કુમાર યાદવની ટીમ દ્વારા ગુજરાત સહિત દેશમાં ખાવામાં ઉપયોગમાં લેવાતી ડુંગળીની ફેંકી દેવામાં આવતી છાલનો ઉપયોગ કરીને ઝીંક ઓક્સાઈડ (ઢર્દ્ઞ)ના નેનો પાર્ટીકલ્સ એટલેકે, અતિ સુક્ષ્મ ઘટકોનું સંશ્લેષણ સફળતાપૂર્વક કરી ડુંગળીની છાલમાંથી તૈયાર કરાયેલા ઝિંકના સૂક્ષ્મ ઘટકો પાણીમાં રહેલી અશુદ્ધીઓ દૂર કરી ફરી વરરાશમાં લઈ શકાય તેનું સફળ સંશોધન કાર્ય સફળ થતાં આંતરરાષ્ટ્રીય કક્ષાની ટોપ ટેન સ્ઢૈં ની વોટર જનરલમાં પ્રકાશિત થયું છે. છાલ માંથી રાસાયણિક પ્રક્રિયા દ્વારા તૈયાર થયેલા ઝીંક ઓક્સાઇડ ના નેનો પાર્ટીકલ્સના ઉપયોગથી પ્રદૂષિત પાણીમાંથી હાનિકારક જૈવિક અશુદ્ધિઓ ( નુકસાનકારક તત્વો) નુ સૂર્યપ્રકાશ ની હાજરીમાં માત્ર બે કલાકમાં જ પાણીના કેમિકલ તેમજ હાનિકારક અશુદ્ધિઓ તોડી વિભાજીત કરી પાણી શુદ્ધ કરી વપરાશ લાયક બનાવી શકાય છે. આ પાણી પીવામાં , ઉદ્યોગ એકમો અને ખેતીમાં વપરાશમાં લઈ શકાશે.

# એપ્રિલ મહિનાથી ઈન્શ્યોરન્સ પોલિસી અંગે બદલાવ આવશે

### હોસ્પિટલ અને ઈન્શ્યોરન્સ કંપનીઓએ સીધો ક્લેમ સેટલ કરવાનો રહેશે




અમદાવાદ,તા.૨૪

ગુજરાત સહિત દેશભરના મેડિક્લેમ ધારકો માટે સૌથી મોટા સમાચાર મળી રહ્યા છે. હવેથી તમામ મેડિક્લેમ કેશલેસ થવા જઈ રહ્યા છે. તમે જે હોસ્પિટલમાં સારવાર લો છો તે વીમા કંપની સાથે જોડાયેલી છે કે નહીં તે જોવામાં નહીં આવે. એટલે કે, દેશમાં હેલ્થ ઈન્શ્યોરન્સ ક્ષેત્રે એક મોટી ક્રાંતિ આવી રહી છે. હેલ્થ ઈન્શ્યોરન્સ અંગેના તમામ ક્લેમ હવે કેશલેસ થઈ જશે. આ નવા નિયમોમાં ફેરફારનો અમલ આગામી એક વર્ષમાં થશે. નવા નિયમો પ્રમાણે હોસ્પિટલ અને ઈન્શ્યોરન્સ કંપનીઓએ સીધો ક્લેમ સેટલ કરવાનો રહેશે. એપ્રિલ મહિનાથી ઈન્શ્યોરન્સ પોલિસી અંગે આવશે બદલાવ. પોલિસીમાં શેનો સમાવેશ છે અને શું બાકાત છે તેની જાણકારી પણ મેડિક્લેમ ધારકને આપવી પડશે. ઈરડાએ આ પરિપત્ર જાહેર કરીને મેડિક્લેમ ધારકોને જાણકારી આપી છે. અત્યાર સુધી નોન નેટવર્ક હોસ્પિટલોમાં સારવાર કરાવ્યા પછી મેડિક્લેમ ધારકોએ સારવારનો ખર્ચ એડવાન્સમાં ભરવો પડતો હતો અને સારવાર પછી સારવારના ખર્ચનાં બિલ માટે ક્લેમ કરવો પડતો હતો. આ કારણે અનેક મેડિક્લેમ ધારકો હેરાન પરેશાન થઈ જતા હતા અને વીમા કંપનીઓ રીતસર મેડિક્લેમ ધારકોને પૈસા માટે ટટળાવતી હતી. પરંતુ હવે તેમની મનમાની પર રોક લાગવા જઈ રહી છે અને મેડિક્લેમ ધારકોના અચ્છે દિન આવવા જઈ રહ્યા છે. આ ઉપરાંત ઈરડાએ જાહેરાત કરી છે કે ઈન્સ્યોરન્સ કંપનીઓ સામેની ફરિયાદો માટે માત્ર ગ્રાહક સુરક્ષા જ એકમાત્ર વિકલ્પ નથી. ઈન્સ્યોરન્સ લેનાર વ્યક્તિ સીધી વીમા લોકપાલમાં પણ ફરિયાદ નોંધાવી શકે છે. દેશભરમાં વીમા લોકપાલની ૧૭ કચેરીઓ કાર્યરત છે. અમદાવાદમાં આવેલી વીમા લોકપાલ કચેરીમાં ગુજરાતના નાગરિકો વીમા સંબંધિત બાબતોની સીધી ફરિયાદ કરી શકે છે. ઈન્સ્યોરન્સ ક્લેમ અંગેના વિવાદોનો ૯૦ દિવસમાં જ નિકાલ લાવવામાં આવશે.

# પંજાબમાં સતુલજ નદીની રેતમાં દુર્લભ ધાતુ ટેન્ટલમ મળી આવી



ચંદિગઢ, તા.૨૪

ઈન્ડિયન ઈન્ડસ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી (આઈઆઈટી) રોપરને તાજેતરમાં એક મોટી સફળતા મળી. માહિતી અનુસાર આઈઆઈટી સાથે સંકળાયેલા રિસર્ચરોને પંજાબમાં સતુલજ નદીની રેતમાં અત્યંત દુર્લભ ધાતુ ટેન્ટલમ મળી આવી છે. એવી શક્યતા છે કે આ શોધ બાદ ભારતને ઈલેક્ટ્રોનિક ક્ષેત્રમાં મોટો ફાયદો થશે. પ્રથમ વખત તેની શોધ ૨૨૧ વર્ષ પહેલા સ્વીડનમાં થઈ હતી. ટેન્ટલમ અત્યંત દુર્લભ મનાય છે. આજના દોરમાં વપરાતી સૌથી વધુ કાટવિરોધી ધાતુઓ પૈકી એક છે.

તે ગ્રે કલરની હોય છે. ખાસ વાત એ છે કે ટેન્ટેલમ શુદ્ધ હોય ત્યારે તે અત્યંત ફ્લેક્સિબલ હોય છે જેને રબરની જેમ ખેંચી કે પાતળું કરી તાર કે દોરાની જેમ પણ બનાવી શકાય છે. તેનું મેલ્ટિંગ પોઈન્ટ પણ વધારે હોય છે.

આ મામલે ટેન્ટલમથી આગળ ફક્ત ટંગસ્ટન અને રીનિયમ જ હોય છે. આ ધાતુનો સૌથી વધુ ઉપયોગ ઈલેક્ટ્રોનિક સેક્ટરમાં થાય છે. ટેન્ટલમથી તૈયાર થયેલા કેપેસિટર્સમાં નાના આકારમાં પણ મોટાપાયે વીજળી સ્ટોર કરવાની ક્ષમતા હોય છે. તેના લીધે તેને સ્માર્ટફોન, લેપટોપ અને ડિજિટલ કેમેરા જેવા ડિવાઈસમાં ઉપયોગમાં લેવા આદર્શ મનાય છે. આ ધાતુનું નામ પૌરાણિક ગ્રીક મિથકના ચર્ચિત નામ ટેન્ટેલસના નામે રખાયું છે.

હાઈ મેલ્ટિંગ પોઈન્ટને લીધે તેનો ઉપયોગ પ્લેટિનમની જગ્યાએ પણ થાય છે. ખાસ વાત એ છે કે ટેન્ટેલમની તુલનાએ પ્લેટિનમ વધારે મોંઘી ધાતુ છે. સાથે જ તેનો ઉપયોગ કેમિકલ પ્લાન્ટ્સ, ન્યૂક્લિયર પાવર પ્લાન્ટ્સ, વિમાન અને મિસાઈલના કોમ્પોનન્ટ કે ઘટક બનાવવા માટે પણ થાય છે.

# ગુજરાત રાજ્યમાં નવા ૧૮ પાર્ક સ્થાપવાની જાહેરાત કરવામાં આવી

ગાંધીનગર,તા.૨૪

ગુજરાત સરકાર દ્વારા વાયબ્રન્ટ ગુજરાત સમિટ પહેલા જ ગુજરાતમાં નવા ૧૮ પાર્ક સ્થાપવાની જાહેરાત કરવામાં આવી છે. આગામી જૂન ૨૦૨૫ સુધીમાં તમામ પાર્ક કાર્યરત કરી દેવામાં આવશે. રાજકોટ, પોરબંદર, વલસાડ સહિતમાં પાર્ક સ્થાપવામાં આવશે. મળતી માહિતી પ્રમાણે પાર્કથી આદિવાસી વિસ્તારમાં રોજગારીની નવી તકો ઉભી થશે.

વાયબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૪ માટે સરકારે તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ સાથે જ ગુજરાતમાં નવા ૧૮ પાર્ક સ્થાપવાની જાહેરાત પણ સરકાર દ્વારા કરવામાં આવી છે. આગામી જૂન ૨૦૨૫ સુધીમાં તમામ પાર્ક કાર્યરત કરી દેવાશે. વાયબ્રન્ટ સમિટ ૨૦૨૪ ગુજરાતમાં રોકાણકારો માટે મહત્વની બની રહેશે. ગુજરાત સરકાર દ્વારા વાયબ્રન્ટ ગુજરાત સમિટ પહેલા જ ગુજરાતમાં નવા ૧૮ પાર્ક સ્થાપવાની જાહેરાત કરવામાં આવી છે. આગામી જૂન ૨૦૨૫ સુધીમાં તમામ પાર્ક કાર્યરત કરી દેવામાં આવશે.

રાજકોટ, પોરબંદર, વલસાડ સહિતમાં પાર્ક સ્થાપવામાં આવશે. મળતી માહિતી પ્રમાણે પાર્કથી આદિવાસી વિસ્તારમાં રોજગારીની નવી તકો ઉભી થશે. ઈલેક્ટ્રીક વાહનો અને ગ્રીન હાઈડ્રોજન ગિફ્ટ સિટી પર ફોક્સ કરાશે.

# ગુજરાતમાં છેલ્લાં દસ મહિનામાં સ્વાઈન ફ્લૂના ૧૭૦ કેસ, બે દર્દીનાં મોત

### નેશનલ સેન્ટર ફોર ડીસીઝ કંટ્રોલ દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ આંકડા ચોંકાવનારા છે

અમદાવાદ,તા.૨૪

ગુજરાતમાં શિયાળાની ધીમીધારે શરૂઆતની વચ્ચે હવે સ્વાઈન ફ્લૂના કેસોમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. વિગતો મુજબ રાજ્યમાં ઓક્ટોબર મહિનામાં સ્વાઈન ફ્લૂના ૪૧ કેસ નોંધાયા હતા. મહત્વનું છે કે, વર્ષ ૨૦૨૩માં અત્યાર સુધીમાં સ્વાઈન ફ્લૂના ૧૭૦ કેસ નોંધાયા છે તો ૨ દર્દીના મોત પણ થયા છે. મહત્વનું છે કે, ગત સપ્ટેમ્બર મહિનામાં સ્વાઈન ફ્લૂના ૧૧ કેસ નોંધાયા હતા. ફૂલગુલાબી ઠંડીની વચ્ચે હવે સ્વાઈન ફ્લૂના કેસો પણ વધી રહ્યા છે. નેશનલ સેન્ટર ફોર ડીસીઝ કંટ્રોલ દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ આંકડા ચોંકાવનારા છે. ડેટા પ્રમાણે રાજ્યમાં પહેલી જાન્યુઆરી ૨૦૨૩થી ૩૧ ઓક્ટોબર સુધી એટલે કે છેલ્લા ૧૦ મહિનામાં સ્વાઈન ફ્લૂના ૧૭૦ કેસ નોંધાયા છે. મહત્વનું છે કે, સમગ્ર દેશમાં કેસની સંખ્યા મામલે ગુજરાત ચોથા ક્રમમાં છે.

# સાયન્સ સિટી ખાતે ‘ગ્લોબલ ફિશરીઝ કોન્ફરન્સ ઈન્ડિયા’નો પ્રારંભ કરાવતા કેન્દ્રીય મંત્રીની જાહેરાત

## ગુજરાતે ઘોલ માછલીને ‘સ્ટેટ ફિશ’ તરીકે કરી જાહેર : મત્સ્ય ઉત્પાદનમાં દેશ ત્રીજા ક્રમે



ગાંધીનગર, તા.૨૪

ગુજરાત સાયન્સ સિટી ખાતે કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી પરષોત્તમ રૂપાલા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ‘વર્લ્ડ ફિશરીઝ ડે’ નિમિત્તે બે દિવસીય ‘ગ્લોબલ ફિશરીઝ કોન્ફરન્સ ઈન્ડિયા ૨૦૨૩’નો પ્રારંભ કરાવ્યો. કેન્દ્રીય મત્સ્યોદ્યોગ રાજયમંત્રી ડો.સંજીવ બાલ્યાન અને ડો.એલ. મુરૂગન પણ આ તકે ઉપસ્થિત રહ્યા હતા. એક્ઝિબિશન પેવિલિયનનું પણ ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું.

આ ગ્લોબલ કોન્ફરન્સના ઉદ્દ્ઘાટન પ્રસંગે કેન્દ્રીય મત્સ્યોદ્યોગ મંત્રી પરષોત્તમ રૂપાલાએ જણાવ્યું કે, સૌથી લાંબો દરિયાકિનારો અને મત્સ્યોદ્યોગ ક્ષેત્રે સૌથી વધુ વિકાસની સંભાવનાઓ ધરાવતા ગુજરાતના આંગણે સૌ પ્રથમ વખત આ પ્રકારની ગ્લોબલ કોન્ફરન્સનું આયોજન થઈ રહ્યું છે. આજે વિશ્વમાં ફિશ પ્રોડક્શનમાં આપણો દેશ ત્રીજા નંબરે છે. ગ્લોબલ ફિશરીઝ કોન્ફરન્સ ઈન્ડિયા ૨૦૨૩ના વિવિધ પ્રકલ્પો વિશે વાત કરતાં કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે, આ કોન્ફરન્સ મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલા ઉદ્યોગ-વ્યવસાયકારો, માછીમારો, એક્સપોર્ટર્સ, પ્રોસેસર્સ, પોલિસી મેકર્સ, લોજિસ્ટિક ક્ષેત્રે સંકળાયેલા સૌ લોકોને એક આગવું પ્લેટફોર્મ પૂરૂં પાડશે અને સૌને એક મંચ ઉપર લાવશે. કોન્ફરન્સમાં ઈન્ટરનેશનલ ડેલિગેટ્સ સહિત આ ક્ષેત્રે સંકળાયેલા વિવિધ સ્ટેક હોલ્ડર્સ અનેકવિધ વિવિધતાપૂર્ણ સેમિનાર્સ, ડિસ્કશન, કોન્ફરન્સ અને ડેલીબરેશનમાં સહભાગી થશે અને મત્સ્યોદ્યોગના વૈશ્વિક પડકારો અંગે હકારાત્મક ચર્ચા વિચારણા કરશે. આ ઐતિહાસિક કોન્ફરન્સ થકી તેઓને દેશ-વિદેશમાં આ ક્ષેત્રે અપનાવવામાં આવતી વિવિધ તક્નિકો, પદ્ધતિઓ, યોજનાઓ બાબતે ઉત્કૃષ્ટ માર્ગદર્શન પ્રાપ્ત થશે. મત્સ્ય ઉદ્યોગના આંતરરાષ્ટ્રીય કારોબાર સહિત આ ક્ષેત્ર સાથે જોડાયેલા વિવિધ પડકારો અને સંભાવનાઓ તથા તેના સમાધાનો અંગે આ કોન્ફરન્સ મહત્ત્વની સાબિત થશે તથા તેમાંની ભલામણો-સૂચનો આ ક્ષેત્રે પોલિસી બનાવવામાં મહત્ત્વપૂર્ણ બની રહેશે. આ મંથન દેશના ફિશરીઝ સેક્ટર માટે ‘વે ફોરવર્ડ’ સાબિત થશે. વધુમાં તેમણે જણાવ્યું કે, આજે ગુજરાતે ઘોલ માછલીને પોતાની સ્ટેટ ફિશ જાહેર કરી છે. દેશભરમાં વિવિધ રાજ્યોએ નજીકના સમયમાં પોતાની સ્ટેટ ફિશ જાહેર કરી છે, જે સાબિત કરે છે કે, આ સેક્ટરમાં દેશભરમાં રૂચિ વધી છે. પાછલા ૯ વર્ષમાં દેશના ઈનલેન્ડ ફિશરીઝ સેક્ટરમાં ત્રણ ગણો વધારો થયો છે. ઈસરો દ્વારા નિર્મિત ટ્રાન્સપોન્ડર્સ સાગરખેડુઓને સમુદ્રમાં લોકેશન શોધવામાં તથા ફિશકેચ એરિયાઓને (વધુ માછલી ધરાવતા વિસ્તારો) ઓળખવામાં મહત્ત્વના સાબિત થશે, જે તેમનો મહત્ત્વપૂર્ણ સમય બચાવશે. ઉપરાંત તેઓ આ ટ્રાન્સપોન્ડર્સની મદદથી પોતાના પરિવારજનો, કોસ્ટ ગાર્ડ અને વિવિધ ઓથોરિટીઝના પણ સંપર્કમાં રહી શકશે, એમ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ગુજરાત દેશમાં મરીન ફિશ પ્રોડક્શનમાં સૌથી આગળ છે તથા રૂા.૫૦૦૦ કરોડથી વધુના મત્સ્ય ઉત્પાદનોની નિકાસ પણ ગુજરાત કરે છે. દેશના ફિશ એક્સપોર્ટમાં રાજયનું ૧૭% જેટલું યોગદાન છે. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે, વર્ષ ૨૦૧૪થી મત્સ્યોદ્યોગ અને મત્સ્યપાલન ક્ષેત્રે વિકાસ થકી ખરા અર્થમાં બ્લૂ રિવોલ્યુશન આવ્યું છે. ૩ કરોડથી વધુ લોકો જોડાયેલા છે. રાજયમાં મત્સ્યોદ્યોગ ક્ષેત્રે અનેકવિધ વિકાસ પ્રકલ્પો અને પોલિસી થકી ૨૦૨૧-૨૨માં ૮૦ લાખ મેટ્રિક ટન કરતા વધુ ફિશ પ્રોડક્શન થયું તથા બે લાખ મેટ્રિક ટન ફિશ એક્સપોર્ટ કરવામાં આવી છે, એવું તેમણે જણાવ્યું હતું. દેશમાં ૨૫,૦૦૦થી વધુ કો-ઓપરેટિવ સોસાયટીઓ આ ક્ષેત્રે કાર્યરત છે, જેના દ્વારા માછીમારો અને મત્સ્ય ઉદ્યોગોને ફિશ પ્રોસેસિંગ, ફિશ સ્ટોરેજ, ફિશ ડ્રાયિંગ સહિતના કાર્યો માટે રોકાણ અને સહાય ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ પ્રસંગે મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના સાગર કાંઠા ઉપર આવેલા ૧૪ જિલ્લાના ૭૯૮ જેટલા ગામડાઓમાં મત્સ્યપાલન થઈ રહ્યું છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ફિશરીઝ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ અંતર્ગત કુલ ચાર ફિશિંગ હાર્બરનું નિર્માણ કરવા બાર્ડ તરફથી રૂા.૬૦૦ કરોડની સહાય કરવામાં આવી છે. વધુમાં મંત્રીએ રાજયમાં મત્સ્યોદ્યોગના વિકાસ માટે એક એવા પાર્કનું નિર્માણ કરવા માટે કેન્દ્ર સમક્ષ અનુરોધ કર્યો હતો.

# એમવેને રૂા.૪,૦૫૦ કરોડના કથિત મની લોન્ડરિંગ કેસમાં કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડ્યો




નવી દિલ્હી, તા.૨૪

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ એમવે ઈન્ડિયા સામે ચાર્જશીટ દાખલ કરી છે જે એક લોકપ્રિય ડાયરેક્ટ માર્કેટિંગ કંપની છે જેણે ભારતમાં મલ્ટી-લેવલ માર્કેટિંગ (MLM) કેઝની શરૂઆત કરી હતી અને જ્યાં સુધી તેઓ તેમની નીચે સભ્યો ઉમેરતા રહે ત્યાં સુધી લાખો લોકોને અતિશય કિંમતના ઉત્પાદનો ઉપર આકર્ષક કમિશન ઓફર કરીને તેના સભ્યો તરીકે નોંધણી કરી હતી, એજન્સીએ સોમવારે જણાવ્યું હતું. એજન્સીએ દાવો કર્યો હતો કે, તેણે મોટી સંખ્યામાં સબ્સ્ક્રાઈબર્સને છેતરીને એમવે દ્વારા જનરેટ કરેલા રૂા.૪૦૫૦ કરોડના ગુનાની આવક ઓળખી કાઢી છે. એમવે ઈન્ડિયા એન્ટરપ્રાઈઝ પ્રાઈવેટ લિમિટેડ વિરૂધ્ધ મની લોન્ડ્રિંગની તપાસ, જે દેશભરમાં ૫.૫ લાખ ડાયરેક્ટ સેલર્સ ધરાવે છે, તે તેલંગાણા પોલીસ દ્વારા દાખધ્ કરાયેલ વિવિધ એફઆઈઆરના આધારે ૨૦૧૧માં શરૂ કરવામાં આવી હતી. એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, એમવે સામાનના વેચાણની આડમાં ગેરકાયદેસર મની સર્ક્યુલેશન સ્કીમનો પ્રચાર કરી રહી છે અને સામાન્ય જનતાને નવા સભ્યોની સરળ નોંધણી દ્વારા ખૂબ ઊંચા કમિશન/પ્રોત્સાહન આપીને અને એવો વચન આપીને છેતરતી હતી આ કમિશન/પ્રોત્સાહન અનિશ્ચિતપણે ચાલુ રહેશે જોઈએ. EDની તપાસમાં બહાર આવ્યું છે કે, એમવે પ્રત્યક્ષ વેચાણની આડમાં પિરામિડ સ્કીમનો પ્રચાર કરી રહી છે. આ યોજના ઉત્પાદનોના વેચાણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરતી નથી પરંતુ તે મુખ્યત્વે સભ્યોની નોંધણી ઉપર ટકી રહે છે. એકવાર નવોદિત વ્યક્તિને કંપનીમાં રિફર કરનાર કોઈ વ્યક્તિ દ્વારા નાણાં મોકલવા માટે રાજી થઈ જાય તે પ્રતિનિધિ બની જાય છે અને કમિશન મેળવે છે જેમ- જેમ વ્યક્તિઓની સંખ્યા નીચે લાઈનમાં વધે છે તેઓને વધુ કમિશન અને વૈભવી પ્રવાસો જેવા વધુ પ્રોત્સાહનો મળે છે એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું. વધુમાં જણાવ્યું હતું કે, એમવે એક મલ્ટી-લેવલ માર્કેટિંગ સ્કીમ અને મની સર્ક્યુલેશન સ્કીમ ચલાવે છે અને સબસ્ક્રાઈબર્સ પાસેથી મોટી રકમ એકઠી કરી છે. છેતરપિંડીના સુનિશ્ચિત ગુનાના કમિશન દ્વારા એમવેએ કુલ રૂા.૪૦૫૦.૨૧ કરોડના ગુનાની આવક ઊભી કરી છે, EDએ જણાવ્યું કે એમવે દ્વારા નાણાના ડાયવર્ઝનનો ઉલ્લેખ કરતા EDએ જણાવ્યું હતું કે, સભ્યો પાસેથી એકત્ર કરાયેલા રૂા.૨૮૫૯ કરોડના નાણાં ડિવિડન્ડ, રોયલ્ટી અને અન્ય ખર્ચાઓ માટે ચૂકવણીના નામે વિદેશી રોકાણકારોના બેંક ખાતાઓમાં જમા કરવામાં આવ્યા છે. એમવેએ જણાવ્યું હતું કે, તે કાનૂની અને નિયમનકારી પાલન માટે પ્રતિબદ્ધ છે. અત્યારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા દાખલ કરવામાં આવેલી પ્રોસિક્યુશન ફરિયાદ (ચાર્જશીટ) ૨૦૧૧ની તપાસ સાથે સંબંધિત છે અને ત્યારથી અમે વિભાગને સહકાર આપીએ છીએ અને સમય-સમય ઉપર માંગવામાં આવેલી માહિતી શેર કરી છે.

# સરકાર દ્વારા પસંદગીયુક્ત નિમણૂંકો અને બદલીઓના ‘શરમજનક’ પરિણામો આવી શકે છે : સુપ્રીમની કેન્દ્રને ચેતવણી



નવી દિલ્હી, તા.૨૪

સુપ્રીમ કોર્ટે ૨૦ નવેમ્બરના રોજ કહ્યું હતું કે સરકાર દ્વારા હાઈકોર્ટના ન્યાયાધીશોની "પસંદગીયુક્ત" નિમણૂંકો અને બદલીઓ સાથે ન્યાયિક વરિષ્ઠતા સાથે ચેડાં કરવાથી કોલેજિયમો તરફથી પ્રતિક્રિયાઓ આવી શકે છે, જે નવા ન્યાયાધીશોની શપથ ગ્રહણને સ્થગિત કરવા સહિતના "શરમજનક" પરિણામો લાવી શકે છે. ન્યાયમૂર્તિ સંજય કિશન કૌલે કેન્દ્ર તરફથી હાજર રહેલા એટર્ની જનરલ આર. વેંકટરામણીને કહ્યું કે, અમુક તબક્કે એવું થશે કે અમે જે ન્યાયાધીશોને કોર્ટમાં કામ કરવા માંગતા નથી તેમને તે કોર્ટમાં કામ કરવાનું ચાલુ રાખવા દેતા નથી. કૃપા કરીને તે થવા દેશો નહીં. તે ન્યાયાધીશોની સત્તાને નબળી પાડશે. ન્યાયાધીશ સુધાંશુ ધૂલિયાની બેંચે, કોર્ટના ન્યાયાધીશ તરીકે વરિષ્ઠ વકીલ કૌશિક ગોસ્વામીના શપથ ગ્રહણને સ્થગિત કરવાના ગુહાહાટી હાઈકોર્ટના તાજેતરના નિર્ણયનો ઉલ્લેખ કર્યો હતો. ઓક્ટોબરમાં કોલેજિયમ દ્વારા એડવોકેટ એન. ઉન્ની ક્રિષ્નન નાયર સાથે ન્યાયાધીશ તરીકે શ્રી ગોસ્વામીની ભલામણ કરવામાં આવી હતી. કોલેજિયમના ઠરાવમાં શ્રી ગોસ્વામીની સામે શ્રી નાયરનું નામ મૂકવામાં આવ્યું હતું. જો કે સરકારે માત્ર શ્રી ગોસ્વામીને જ મંજૂરી આપી હતી. હાઈકોર્ટે શ્રી ગોસ્વામીના શપથ ગ્રહણને મુલતવી રાખ્યાના બે દિવસ પછી સરકારે શ્રી નાયરને ન્યાયાધીશ તરીકે નિયુક્ત કર્યા હતા. જસ્ટિસ કૌલે અવલોકન કર્યું કે, અમે કોલેજિયમ દ્વારા લેવામાં આવેલા સ્ટેન્ડ અને સરકારના પરિણામી પગલાની પ્રશંસા કરીએ છીએ. અરજદારો માટે વરિષ્ઠ વકીલ દુષ્યંત દવેએ જણાવ્યું હતું કે હવે સમય આવી ગયો છે કે સર્વોચ્ચ અદાલતે આગામી ૨૪ કલાકની અંદર તમામ પેન્ડિંગ નામો ક્લિયર કરવા માટે સરકારને આદેશ જારી કર્યો છે. જસ્ટિસ કૌલે જણાવ્યું હતું કે કેટલાક ઉમેદવારો જેમના નામ સરકાર દ્વારા પેન્ડિંગ રાખવામાં આવ્યા હતા તેઓ જજ તરીકે નિમણૂક કરાયેલા લોકો કરતા વરિષ્ઠ હતા. ન્યાયમૂર્તિ કૌલે જણાવ્યું હતું કે, જો ઉમેદવારને ખબર ન હોય કે તેની પાસે કઈ વરિષ્ઠતા હશે, તો અન્ય પાત્ર ઉમેદવારોને બેન્ચમાં જોડાવા માટે સમજાવવું મુશ્કેલ બનશે. સુપ્રીમ કોર્ટે અગાઉ પણ કેન્દ્રને સ્પષ્ટ કર્યું હતું કે કોલેજિયમ દ્વારા ન્યાયિક નિમણૂક માટે માત્ર તેમના રાજકીય જોડાણો માટે અથવા કોર્ટમાં સરકાર સામેના કેસનો બચાવ કરવા માટે ભલામણ કરાયેલ લોકોને પસંદગીપૂર્વક બાયપાસ ન કરવા જોઈએ. ખંડપીઠે અગાઉની સુનાવણીમાં સર્વોચ્ચ અદાલતની વારંવારની ચેતવણીઓ છતાં હાઈકોર્ટના ન્યાયાધીશોની પસંદગીયુક્ત ટ્રાન્સફરની નીતિ ચાલુ રાખવા બદલ સરકારની ટીકા કરી હતી. કોર્ટે ચેતવણી આપી હતી કે સરકારના આ પગલાંથી કોલેજિયમની "અપ્રિય" પ્રતિક્રિયાનું જોખમ છે. એકવાર લોકોની જજ તરીકે નિમણૂક કરવામાં આવે, જ્યાં તેઓ તેમની ફરજો બજાવે છે તે સરકાર માટે ચિંતાનો વિષય બની શકે નહીં ન્યાયાધીશે 'A' કોર્ટમાં કામ કરવું જોઈએ કે 'B' કોર્ટમાં તે ન્યાયતંત્ર ઉપર છોડવું જોઈએ. અમે તે તબક્કે પહોંચી રહ્યા છીએ જેમાં કોલેજિયમ સામૂહિક રીતે આ ન્યાયાધીશને ન્યાયિક કાર્ય ન સોંપવાની સલાહ આપશે. અમને તે પગલું ભરવા માટે દબાણ કરશો નહીં. આમ કરવું અમારી સત્તાની બહાર નથી. હું કોલેજિયમ સાથે ચર્ચા કર્યા પછી જવાબદારી સાથે આ કહી રહ્યો છું. તે મારા તરફથી ટિપ્પણી નથી. કોર્ટે કહ્યું હતું કે હાઈકોર્ટના ન્યાયાધીશોની નિમણૂક અને બદલી બંનેમાં સરકારની પસંદ અને નાપસંદ કરવાની નીતિ "ચિંતાનો વિષય" છે.

# ખાનગી સ્કૂલોની ફીની લઘુતમ મર્યાદા વધારવા કાર્યવાહી શરૂ

## મર્યાદા નક્કી કરવા માટે રચાયેલી સમિતિએ ૨૦ ડિસેમ્બર સુધી સૂચનો મંગાવ્યા

અમદાવાદ, તા.૨૪

રાજ્યની ખાનગી સ્કૂલોની ફીની લઘુતમ મર્યાદામાં ફેરફાર કરવા માટે શિક્ષણ બોર્ડ દ્વારા સુચનો મંગાવ્યા છે. ૨૦ ડિસેમ્બર સુધી સ્કૂલો, વાલીઓ અને અન્ય લોકોએ બોર્ડને લઘુતમ મર્યાદાને લઈને સૂચનો મોકલવાના રહેશે. તમામ સૂચનો મળ્યા બાદ બોર્ડના અધ્યક્ષસ્થાને રચાયેલી સમિતિ દ્વારા લઘુતમ મર્યાદામાં વધારો કરવા માટે અહેવાલ તૈયાર કરાશે અને સરકારને સુપ્રત કરાશે. પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્ય સરકાર દ્વારા ખાનગી સ્કૂલો દ્વારા લેવામાં આવતી બેફામ ફી ઉપર લગામ કસવા માટે ફી નિયમન વિધેયક પસાર કર્યો હતો. જેમાં સ્કૂલની લઘુતમ મર્યાદા નક્કી કરવામાં આવી હતી. આ લઘુતમ મર્યાદામાં પ્રાથમિક સ્કૂલો માટે રૂા. ૧૫ હજાર, માધ્યમિક સ્કૂલો માટે રૂા. ૨૫ હજાર અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલો માટે રૂા. ૩૦ હજારની મર્યાદા નક્કી કરાઈ હતી. આ મર્યાદા કરતા વધુ ફી લેવા માંગતી સ્કૂલોએ ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરવાની રહે છે અને ત્યારબાદ ફી કમિટી હિયરીંગ કરી સ્કૂલોની ફી નક્કી કરતી હોય છે. જો કે ૨૦૧૭થી અમલમાં આવેલા આ કાયદા બાદ સ્કૂલોની લઘુતમ મર્યાદામાં કોઈ ફેરફાર કરાયો ન હતો. જેથી શાળા સંચાલકો દ્વારા સરકાર સમક્ષ ફીની લઘુતમ મર્યાદામાં વધારો કરવા માટે અનેકવાર રજૂઆતો કરવામાં આવી હતી. રજૂઆતોના પગલે શિક્ષણ વિભાગ દ્વારા લઘુતમ મર્યાદા નક્કી કરવા માટે એક કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટીના અધ્યક્ષ તરીકે શિક્ષણ બોર્ડના ચેરમેનની નિમણુક કરવામાં આવી છે. કમિટી દ્વારા લોકો પાસેથી તથા સંચાલકો પાસેથી અભિપ્રાય મંગાવવામાં આવશે અને તેના આધારે ફીની લઘુત્તમ મર્યાદા નક્કી કરવામાં આવશે. કમિટી દ્વારા સ્કૂલ સંચાલકો, વાલીઓ, નાગરિકો પાસેથી ફીની લઘુતમ મર્યાદા નક્કી કરવા માટે સુચનો મંગાવ્યા છે. ૨૦ ડિસેમ્બર સુધીમાં ટપાલ દ્વારા અથવા તો ઈ-મેઈલના માધ્યમથી સુચનો મોકલવા માટે તાકીદ કરાઈ છે. આ સુચનો બોર્ડને એકવાર મળ્યા બાદ તેનો અભ્યાસ કરવામાં આવશે અને ત્યારબાદ ખાનગી સ્કૂલોની લઘુતમ મર્યાદા નક્કી કરવામાં આવશે. અને હાલમાં જે મર્યાદા છે તેમાં પણ વધારો કરવામાં આવે તેવી શક્યતા છે.

**ફ્લેટ વેચવાનો છે**

જૂનાગઢનાં જગમાલ ચોક નજીક કાજીવાડા વિસ્તારમાં ફર્નિચર સાથે 2 BHK ફ્લેટ વેંચવાનો છે. લીફટની સુવિધા સાથે મો.૯૮૨૪૫ ૯૨૫૫૯

# ભારત દેશનું ગ્લોબલ વોર્મિંગમાં યોગદાન ઐતિહાસિક રીતે માત્ર પાંચ ટકા છે : UNEP

## વૈશ્વિક સ્તરે સૌથી વધુ આવક ધરાવતી ૧૦ ટકા વસ્તી લગભગ અડધા (૪૮ ટકા) ઉત્સર્જન માટે જવાબદાર છે અને આ જૂથના બે તૃતિયાંશ ભાગ વિકસિત દેશોમાં રહે છે

નવી દિલ્હી, તા.૨૪

વર્તમાન અને ઐતિહાસિક ઉત્સર્જન વૈશ્વિક સ્તરે અત્યંત અસમાન છે, સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ (UNEP)એ ભારતના ઉદાહરણનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, વિશ્વની ૫૦% વસ્તીએ કુલ ઉત્સર્જનમાં માત્ર ૧૨% યોગદાન આપ્યું છે. માથાદીઠ પ્રાદેશિક GHG ઉત્સર્જન સમગ્ર દેશોમાં નોંધપાત્ર રીતે બદલાય છે. તે રશિયન ફેડરેશન અને યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં ૬.૫ ટન ર્ક્ર સમકક્ષ વિશ્વની સરેરાશ કરતાં બમણા કરતાં વધુ છે, જ્યારે ભારતમાં તે તેના અડધાથી ઓછું છે. ઉપયોગ આધારિત ઉત્સર્જનમાં અસમાનતા દેશોમાં જોવા મળે છે. વૈશ્વિક સ્તરે સૌથી વધુ આવક ધરાવતી ૧૦% વસ્તી લગભગ અડધા (૪૮%) ઉત્સર્જન માટે જવાબદાર છે અને આ જૂથના બે તૃતીયાંશ ભાગ વિકસિત દેશોમાં રહે છે. વિશ્વની ૫૦% વસ્તીએ કુલ ઉત્સર્જનમાં માત્ર ૧૨% જ યોગદાન આપ્યું છે. યુએનઈપીના ઉત્સર્જન ગેપ રિપોર્ટ ૨૦૨૩ શીર્ષક ‘બ્રોકન રેકોર્ડ’માં જણાવ્યું હતું કે, ઐતિહાસિક ઉત્સર્જન અને ગ્લોબલ વોર્મિંગમાં યોગદાન સમાન રીતે દેશો અને દેશોના જૂથોમાં નોંધપાત્ર રીતે બદલાય છે, UNEPએ સમજાવ્યું છે કે, લગભગ ૮૦% સંચિત અશ્મિ અને જમીન ઉપયોગ CO2 ઉત્સર્જન G20 દેશોમાં છે, જેમાં સૌથી વધુ યોગદાન ચીન, યુએસ યુરોપિયન યુનિયન છે, જ્યારે ઓછા વિકસિત દેશોએ ૪% ફાળો આપ્યો છે. યુએસ વર્તમાન વિશ્વની વસ્તીના ૪% હિસ્સો ધરાવે છે, પરંતુ ૧૮૫૦થી ૨૦૨૧ સુધી ગ્લોબલ વોર્મિંગમાં ૧૭% યોગદાન આપ્યું છે, જેમાં મિથેન અને નાઈટ્રસ ઓક્સાઈડ ઉત્સર્જનની અસરનો સમાવેશ થાય છે. તેનાથી વિપરીત, ભારત વિશ્વની વસ્તીમાં ૧૮% હિસ્સો ધરાવે છે, પરંતુ વોર્મિંગમાં ૫% ફાળો આપે છે. ગયા વર્ષે COP 27થી ફક્ત નવ દેશોએ નવા અથવા અપડેટેડ NDC સબમિટ કર્યા છે, જે પેરિસ કરાર પછી અપડેટ કરાયેલ NDCની કુલ સંખ્યા ૧૪૯ થઈ છે. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ સુધીમાં લગભગ ૮૧% વૈશ્વિક GHG ઉત્સર્જનને આવરી લેતા ૯૭ પક્ષોએ NDC અથવા લાંબાગાળાની વ્યૂહરચનાની નેટ-શૂન્ય પ્રતિજ્ઞાઓ અપનાવી હતી. મેક્સિકો સિવાયના તમામ ૨-૨૦ સભ્યોએ ચોખ્ખા-શૂન્ય લક્ષ્યો નક્કી કર્યા છે. ૨-૨૦ સભ્યોમાં નેટ-શૂન્ય અમલીકરણમાં મુખ્ય સૂચકાંકો ઉપર મર્યાદિત પ્રગતિ કરવામાં આવી છે, જેમાં કાયદાકીય સ્થિતિ, અમલીકરણ યોજનાનું અસ્તિત્વ અને ગુણવત્તા અને નજીકના ગાળાના ઉત્સર્જન માર્ગોનું સંરેખણ સામેલ છે. G20 સભ્યોમાંથી કોઈપણ હાલમાં તેમના ચોખ્ખા-શૂન્ય લક્ષ્યોને પૂર્ણ કરવા સાથે સુસંગત ગતિએ ઉત્સર્જનમાં ઘટાડો કરી રહ્યો નથી. આ અહેવાલમાં તમામ રાષ્ટ્રોને અર્થવ્યવસ્થા, ઓછા કાર્બન ઉત્સર્જન માટે આહ્વાન કરવામાં આવ્યું છે. અહેવાલમાં જણાવાયું છે કે, ઉત્પાદનના જીવનકાળ દરમિયાન અને આયોજિત ખાણો અને ક્ષેત્રોમાંથી કાઢવામાં આવેલ કોલસો, તેલ અને ગેસ ૧.૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાનને મર્યાદિત કરવા માટે ઉપલબ્ધ કાર્બન બજેટના ૩.૫ ગણા કરતાં વધુ ઉત્સર્જન કરશે. ઓછા કાર્બન વિકાસ સંક્રમણ ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશો માટે આર્થિક અને સંસ્થાકીય પડકારો ઊભો કરે છે, પરંતુ તે નોંધપાત્ર તકો પણ પ્રદાન કરે છે. આવા દેશોમાં સંક્રમણો ઊર્જાની સાર્વત્રિક એક્સેસ પ્રદાન કરવામાં લાખો લોકોને ગરીબીમાંથી બહાર કાઢવા અને વ્યૂહાત્મક ઉદ્યોગોને વિસ્તૃત કરવામાં મદદ કરી શકે છે.

## ગુજરાત હાઉસિંગ બોર્ડ તથા સ્લમ ક્લિયરન્સ સેલની યોજનાઓ માટે નિર્ણય

# લાભાર્થીઓ માટે ૧૦૦ ટકા પેનલ્ટી માફી યોજના ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી કરાઈ જાહેર



ગાંધીનગર,તા.૨૪

રાજયમાં ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાનોમાં મોટા ભાગના રિ-ડેવલપમેન્ટ કરવાની આવશ્યકતા હોવા છતાં ઘણા સમયથી હપ્તા-વ્યાજ તેમજ અન્ય પ્રશ્નોનો લઈ મામલો ઘોંચમાં પડેલ છે. ત્યારે હવે સરકારે હપ્તા વગેરે ભરપાઈ ન કરી શકનારા માટે રાહતજનક નિર્ણય લેતા આગામી સમયમાં લાભાર્થીઓ માટે માર્ગ ખુલે તેમ જણાય છે સરકાર દ્વારા પેનલ્ટી માફી સહિતનો નિર્ણય કરાતા માલિકી દસ્તાવેજ રિડેવલપમેન્ટ વગેરે માટે સરળતા રહેશે. તેમ કહી શકાય. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત હાઉસીંગ બોર્ડ તથા સ્લમ કલીયરન્સ સેલની યોજનાઓમાં મુખ્યમંત્રી પ્રોત્સાહક વળતર યોજના અન્વયે તા.૩૧ માર્ચ ૨૦૨૪ સુધી ૧૦૦ ટકા પેનલ્ટી માફી આપવાનો જનહિતલક્ષી નિર્ણય કર્યો છે. વધુમાં વધુ લાભાર્થીઓ લાભ મેળવી શકે તે હેતુથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બાકી હપ્તાની રકમ ભરપાઈ કર્યેથી ૧૦૦ ટકા પેનલ્ટી માફી યોજના મુખ્યમંત્રી પ્રોત્સાહક વળતર યોજના તા.૩૧ માર્ચ ૨૦૨૪ સુધીના સમય માટે જાહેર કરી છે. મુખ્યમંત્રીના આ નિર્ણયથી ગુજરાત હાઉસીંગ બોર્ડ તથા સ્લમ કલીયરન્સ સેલની જૂની યોજનાઓમાં બાકી રહેલા લાભાર્થીઓના પરિવારજનોને પણ લાભ મળી શકશે. એટલું જ નહી, સમયમર્યાદામાં હપ્તા ભરપાઈ ન કરી શકનારા લાભાર્થીઓ માટે પણ વાર્ષિક ૮ ટકા વ્યાજના દરે પેનલ્ટીની જોગવાઈને લીધે બાકી પેનલ્ટીના વ્યાજમાં પણ ઘટાડો કરવાનો અભૂતપૂર્વ નિર્ણય મુખ્યમંત્રીએ કર્યો છે. મુખ્યમંત્રીના આ પ્રજાલક્ષી નિર્ણયથી ગુજરાત હાઉસીંગ બોર્ડને બાકી હપ્તાની વસુલાત થશે અનો નવા આવાસોનાઆયોજન માટે આર્થિક વેગ મળશે. આ ઉપરાંત મકાન ધારકોને પેનલ્ટી માફી મળતા હપ્તા રકમ તેઓ ભરીને પોતાનો માલિકી દસ્તાવેજ કરાવી શકશે. આના પરિણામે હાઉસીંગ બોર્ડના જૂના મકાનોનું રિ-ડેવલપમેન્ટ પણ હાથ ધરી શકાશે.

‘એ જીંદગી કે મેલે, દુનિયા મેં કમ ન હોંગે,અફસોસ હમ ન હોંગે..’

# સોમનાથ કાર્તિક પુર્ણિમા મેળામાં જોવા મળે છે કુટુંબ વત્સલતા-સ્નેહસભર સાથે ભોજનની મજા




વેરાવળ તા. ૨૪

સોમનાથ કાર્તિક પુર્ણિમા મેળો તેની ચરમસીમા પરાકાષ્ઠા ભણી જઈ રહયો છે. આ મેળાની વિશેષતા એ છે કે, દુર-સુદુર નજદીકના ગામોથી મેળો માણવા આવેલ લોકો પોતાની સાથે થેપલા, તેલ તરબતર રસવાળું શાક, કચુંબર, મેથીયા ચટાકેદાર અથાણા, દહીં, એક ટીફીન કે ડબરાઓમાં ભરી સાથે પેપર ડીસ-કપ અને બેસવા માટે શેતરંજી લઈને મેળામાં આવે છે. અને મન ભરીને ચકડોળના ડાલકામાં બેસી કે શિયાળાની ઠંડીમાં ઠંડો આઈસ્ક્રીમ પધરાવી પેટપૂજા તેમજ બાળકોના પીંપુડાઓના શોરબકોર સાથે મેળો માણી મેળાના ખાલી વિભાગમાં શેતરંજી પાથરી વડીલો, મહિલાઓ-પુત્ર, પુત્ર વધુઓ અને તેની આસપાસ વીંટળાયેલા બાળકો અને ઘરના મહિલા વર્ગ પેપર ડીસમાં દરેકને પીરસતા હોય અને સૌ સાથે બેસી મેળાની અને કુટુંબની વાતો વાગોળતા હોય ત્યારે જુની ફિલ્મ ‘હમ સાથ -સાથ હૈ..’ ઘર આંગણે જીવંત બને છે.

આજના વિભકત કુટુંબના યુગમાંયે દાદાના ખોળામાં પાવા-પીપુડા વગાડતા અને ફુગ્ગાની દોરી પકડી બેઠેલા બાળકો, સાસુ-વહુ સૌ મેળાના લીલાછમ મેદાનમાંના ઘાંસ કે ખેતરાઉ મેદાન ઉપર જુદા -જુદા થોડા અંતરે ભોજન સાથે આનંદ લેતા ત્યારે પ્રાચીન જમાનાના સંયુકત કુટુંબોની તસ્વીર જીવંત થાય છે. વીસરાતા એ યુગને ભલે મેળામાં તો મેળામાં જીવંત કરે છે.

# શ્રી કેશવ કો.ઓપ. ક્રેડીટ સોસાયટી લી. જૂનાગઢની ઢસા શાખાનો થયેલ શુભારંભ





જૂનાગઢ તા. ૨૪

શ્રી કેશવ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. જૂનાગઢ હાલ ૨૨ શાખાઓ કાર્યરત છે. સમાજના નાના તથા મધ્યમ વર્ગના પરિવારોને બચતની ટેવ પડે તેમજ ધંધા-રોજગારના વિકાસ માટે ધિરાણ પુરૂં પાડી આર્થિક રીતે સધ્ધર બનાવવાના સાત્વીક ઉદેશ્યથી તા.૧૮-૧૧-૨૩ ને શનિવારના લાભ પાંચમના શુભ દિવસે સોસાયટીની ૨૩મી શાખાનો ઢસા ખાતે મંગલ પ્રારંભ ગોરધનભાઈ ઝડફીયા, માજી મંત્રી ગુજરાત રાજય પ્રદેશ ઉપાધ્યક્ષ, ભારતીય જનતા પાર્ટીના વરદ્‌હસ્તે કરવામાં આવેલ હતો. જેમાં રસીકભાઈ ભીંગરાડીયા, ડાયરેકટર, ભાવનગર ડીસ્ટ્રીક કો.ઓપ. બેંક, ઘનશ્યામભાઈ વિરાણી, માજી જીલ્લા પંચાયત પ્રમુખ બોટાદ, વિઠ્ઠલભાઈ મેંદપરા પ્રમુખ, ડાયમંડ સેવા ટ્રસ્ટ ભાવનગર વગેરે મહેમાનોની વિશેષ ઉપસ્થિતી રહેલ હતી. તેમજ સહકાર ભારતી ગુજરાત પ્રદેશના મહામંત્રી અને કેશવ ક્રેડીટના સ્થાપક ચેરમેન વિનોદભાઈ બરોચીયાનું મુખ્ય ઉદ્‌બોધન રહેલ જેમાં કેશવ ક્રેડીટ વિષે વિસ્તૃત માહિતી આપેલ હતી. રમેશભાઈ સાવલીયા, ચેરમેન કેશવ ક્રેડીટ, ચીમનભાઈ ડોબરીયા, જો. એમડી તથા પ્રભારી, ભીખુભાઈ પાંભર ડાયરેકટર, તથા સહપ્રભારી ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે કેતનભાઈ કાનાણી, ચેતનભાઈ માલવીયા, વલ્લભભાઈ પાંચાણી, બાબુભાઈ ઢાકેચા તેમજ સોસાયટીના કર્મચારીઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. આ પ્રસંગે બહોળી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી.

# માંગનાથ મહાદેવ મંદિરના પાટોત્સવની ભાવપુર્વક ઉજવણી થશે : વિવિધ કાર્યક્રમો



જૂનાગઢ તા. ૨૪

કારતક વદ બીજ ને બુધવાર તા.૨૯-૧૧-૨૩ ના રોજ જૂનાગઢ શહેરના હાર્દ સમા માંગનાથ રોડ ઉપર આવેલ પુરાણ પ્રસિધ્ધ માંગનાથ મહાદેવ મંદિરનો પાટોત્સવ હોય, ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેનો લાભ લેવા દરેક ધર્મપ્રેમી જનતા-ભકતોને મહંત પ્રદિપગીરી ગુરૂ રવિન્દ્રગીરી ગોસ્વામી દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. વધુમાં પાટોત્સવ પ્રસંગે યોજાનારા કાર્યક્રમોમાં મંગળા આરતી સવારે ૫.૩૦ કલાકે, રવેડી(નગર ચર્યા) સવારે ૮ થી ૧૦ વાગ્યા સુધી, થાળ આરતી બપોરે ૧૧.૪૦ કલાકે,મહાશણગારના દર્શન સાંજે ૫ કલાકથી શરૂ થશે, સ્તુતિ ગાન રાત્રે ૧૦ થી ૧૧ કલાકે, મહાપૂજાની આરતી રાત્રે ૧૧ કલાકે કરવામાં આવશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

## સોરઠીયા લુહાર જ્ઞાતિ રામ મંદિર ખાતે અન્નકુટ મહોત્સવ યોજાશે

જૂનાગઢ તા. ૨૪

સમસ્ત લુહાર જ્ઞાતિજનો માટે એક યાદીમાં જણાવેલ છે કે, આગામી તા.૨૬-૧૧-૨૩ ને રવિવારના રોજ નવા વર્ષ નિમિત્તે રામ મંદિર ખાતે અન્નકુટ મહોત્સવ રાખવામાં આવેલ છે. અન્નકુટ દર્શનનો સમય સાંજે ૫ થી ૮ અને આરતી સાંજે ૮.૧૫ કલાકે રાખેલ છે. તો દરેક જ્ઞાતિજનોને અન્નકુટ દર્શનનો લાભ લેવા એક યાદીમાં અનુરોધ કરવામાં આવેલ છે.

# ગિરનાર પરીક્રમાના ભાવિકોની સેવાનો લ્હાવો લેતા સેવાભાવીઓ




જૂનાગઢ, તા.૨૪

સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા પ.પુ. શ્રી મુક્તાનંદબાપુની પ્રેરણાથી અન્નક્ષેત્રનું આયોજન કરવામાં આવેલ છે અને ભવનાથ ખાતે અગ્નિ અખાડામાં ભવનાથ મંદિર ની સન્મુખ કાર્યરત છે. દરમ્યાન ભાવિકો શ્રધ્ધાથી જે પુણ્યનું ભાથું બાંધી રહયા છે તે જોઈને નતમસ્તક થઈ જવાય છે. કેટલી અતુટ શ્રધ્ધા આ જોઈને અમે લોકો પણ આનંદવિભોર થઈ રહયા છે.અને ધન્ય છે અમને કે આ સેવાનો અનન્ય લાભ મળ્યો છે. લીલી પરિક્રમાનું મહત્વ અહી આવીને સમજાય છે. આ તકે પ્રફુલભાઈ ત્રિવેદી, મેહુલભાઈ દવે, શૈલેષભાઈ રવૈયા, છેલભાઈ જોષી, રવિભાઈ ઠાકર, કનકબેન વ્યાસ, રૂપલબેન લખલાણીના આયોજનના લીધે સેવાનો અવસર પ્રાપ્ત થયો છે બદલ આભારની લાગણી વ્યકત કરવામાં આવી છે.

# માંગરોળમાં સરવૈયા પરિવાર દ્વારા શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૨૪

માંગરોળ ખાતે સરવૈયા પરિવાર દ્વારા શ્રીમદ ભાગવત કથાનું સુંદર આયોજન વેરાઈ ફળીયામાં કરેલ છે. જેમાં રાજકોટના યુવા શાસ્ત્રીજી હિતાર્થ ભટ્ટ વ્યાસપીઠે બીરાજી પોતાના મધુર સ્વરે સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવી રહ્યા છે. દરરોજ અલગ-અલગ ભક્તિમય કાર્યક્રમો સાથે આ કથામાં સામાજિક રાજકીય આગેવાનો તેમજ મોટી સંખ્યામાં આસપાસના લોકો કથા નુ રસપાન કરી રહ્યા છે. માંગરોળના સરવૈયા પરિવાર દ્વારા તેમના સ્વર્ગસ્થ સ્વજનોના મોક્ષાર્થે ભાગવત કથા તારીખ ૨૦ નવેમ્બરેથી પોથી યાત્રા યોજી કથા પ્રારંભ કરેલ છે અને તારીખ ૨૬ના રોજ કથાના વિરામ બાદ દશાંશ યજ્ઞ યોજાશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# ઉના : શ્રી ગાયત્રી માતાજીનાં મંદિરે અન્નકુટ ધરાયો



(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૪

ઉના શહેરમાં વેરાવળ રોડ પાસે આવેલ શિક્ષક સોસાયટી પાસે આવેલ વેદ માતા ગાયત્રી માતાજીના મંદિરે શ્રી ગાયત્રી ચેરીટેબલ ટ્રસ્ટ અને ગાયત્રી ગરબી મંડળ દ્વારા દેવ દિવાળી નિમિત્તે નવા વરસનો અન્નકુટ ગઈકાલ તા. ૨૩/૧૧/૨૦૨૩ને ગુરૂવારે યોજાયો હતો જેમાં ભક્તજનોએ દર્શનનો લાભ લીધો હતો.

# ઉના -ગીરગઢડા ભાજપ કાર્યકરોનું સ્નેહ મિલન યોજાયું




(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૪

ઉના-ગીરગઢડા ભાજપના કાર્યકરોનું નવા વર્ષનું સ્નેહ મિલન મળેલ હતું જેમાં વિશાળ સંખ્યામાં કાર્યકરો હાજર રહેલ હતાં અને પ્રદેશ ભાજપ મંત્રી રધુંભાઈ હુબંલ અને સાંસદ રાજેશભાઈ ચૂડાસમા, ઉના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, જીલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પિઠીયા અને દિલીપભાઈ બારડ, ઉના નગરપાલિકા પ્રમુખ પરેશભાઈ બાંભણીયા સહિતના આગેવાનો હાજર રહેલ અને આ કાર્યક્રમમાં રધુંભાઈ હુંબલ અને રાજેશભાઈ ચૂડાસમા અને મહેન્દ્રભાઈ પિઠીયા તેમજ કાળુભાઈ રાઠોડે ઉદબોધન કરેલ હતાં તેમા પક્ષના સંગઠનને વધુ મજબુત કરવા તેમજ આવનારી લોકસભાની ચુંટણી આવી રહી છે ત્યારે તેમા ભાજપ ફરિ સતા ઉપર આવે તે માટે કાર્યકરોએ લોકો પાસે જઈ ભાજપ સરકારે વિકાસના કરેલા કામો પોચાડી ભાજપ વધું મજબુત કરવા કાર્યકરોને કામે લાગી જવા અપિલ કરેલ હતી. આ કાર્યક્રમનું સંચાલન ધીરૂભાઈ છગ દ્વારા કરેલ હતું.

# માસ્તરમાંથી મહાત્મા થયેલ શ્રી મન્ન નથુરામ શર્માજીનું જીવન દર્શન

ગુજરાતના ઝાલાવાડ પંથકનું મોજીદળ ગામ. મોજીદળ ગામમાં ખળ કરતી બે કાંઠે વાસળ નદી વહે, નદીને કાંઠે શ્રી જેડેશ્વર મહાદેવનું મંદિર દેવોને દેવ ભોળીયો નાથ મહાદેવ બિરાજે મોજીદળનું વિપ્ર દંપિત ભોલેનાથની સેવા પુજા કરવા આવે . હે ભોળા નાથ અમને તારી સેવા પુજા કરે એવો દીકરો આપો, સુપુત્ર આપો , નિત્ય પ્રાર્થના કહો કે વિનંતી કે આજીજ કરે, વાસળ નદીના જળથી પુજા પાઠ કરે, મહાદેવ કૃપા કરી..ને ઔદીચ્ય ઝાલાવડી ભુદેવ પીતાંબર રાવલ અને માતા નંદુબાને ત્યાં સવંત ૧૯૧૪ ના આસો મિહનાના ૪ ને રવિવારે(૧૦/૧૦/૧૮૫૮)ઝગારા મારતો દિકરાનો જન્મ થયો. માંડલિયા પરિવારમાં કુત્સસ ગોત્રના ત્રિપ્રવર શુકલ યજુર્વેદી માંધ્યાયદીની શાખા શ્રી ખંભલાવ માતાજી માંડલ (વિરમગામ) હડિયાના (જામનગર) નામ રાખ્યું નથુરામ પીતાંબર રાવલ. મોજીદળની પ્રાથમિક શાળામાં ગુજરાતી પાંચ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો,પછી છ ધોંથી મોસાળ ચુડાં ગયા. પછી રાજકોટ ટ્રેનિંગ કોલેજમાં ૨ વર્ષ માસ્તરની તાલીમ લીધી. કુટુંબની આજીવિકાનો બોજ આગળ અભ્યાસ ન કરતા માસ્તરની નોકરી સ્વીકારી પોરબંદર પાસેના અડવાનામાં સવંત ૧૯૩૩ ને ૦૧/૦૨/૧૮૭૭ દીને માસ્તર તરીકે જોડાયા. અડવાનાથી માણાવદર પાસેના લિંબુડા ગામે સવંત ૧૯૩૫ માં બદલી થતા આવ્યા. ભર જુવાની હતી, સુખાનીથા કુતો વિદ્રયા, વિદ્રચાથિના કુત્તદઃ સુખમ,“ ફૂટતી જવાની લિંબુડામાં માસ્તર આધત્મિક જીવ લગ્નના આગલે દિવસે લીંબડીથી મોજીદળ જવાને બદલે આત્મશ્રયથેનો તીવ્ર વેગ ગૃહસ્થી જીવનનો અસ્વીકાર કરી આબુ, મથુરા , કાશી ને હરિદ્વાર થઈને હિમાચલ ગયા. કઠીને તપશ્ચર્યા કૈલાશ માન સરોવર શ્રી નંદી પર્વત પાસે શ્રી દિક્ષણ મુર્તિ મહેશ્વરના સગુણ -નિગુણ સ્વરૂપનું ભવતારક દર્શન કર્યુ, પુણ્ય ઈષ્ટ કૃપા પ્રાપ્ત કરી લિંબુડામાં માસ્તર તરીકે સેવાઓ આપી. માંગરોળ વરલ સ્ટેટના કારભારી તરીકે જોડાયા. ગિરનાર પાસેના દામોદર કુંડ નજીક આવેલ શ્રી મુચકુંદ ગુફામાં તપ, સાધના કરી ચાતુર્માસ કરી આચાર્ય પદની પ્રાપ્તિ કરી (શ્રી મદ ભગવતજી ના ૧૦ સ્કંદ માં પર અધ્યાયમાં કથા છે.) માસ્તરમાંથી મહાત્મા ગતિ કરતાં કરતાં પ્રવચનો, યાત્રાઓ, પરીભ્રમણ કરતા રહ્યાં. માનવ સમાજની પિરિસ્થિતિનું અવલોકન કરી ૠષિ મુનિ પ્રતીત સિદ્ધ રાજમાર્ગના અનુસરણથી જ માનવસમાજનું કલ્યાણ સંભિવત છે, એવું વિચારીને નવીન કોઈ પંથ કે સંપ્રદાય સ્થાપી તે ચલાવાને બદલે પ્રાચીન ૠષિમુનિઓ સિદ્ધ માર્ગનું અનુસરણ કરવાં અને સનાતન ધર્મના પ્રચાર પ્રસાર માટે આનંદ આશ્રમોની સ્થાપના અને ધાર્મિક પુસ્તકોની રચના કરી . આનંદ આશ્રમો પોરબંદર સવંત ૧૯૪૯, બીલખા (જુનાગઢ પાસે) સવંત ૧૯૫૨, જન્મભુમી મોજીદળ (લીંબડી પાસે) સવંત ૧૯૬૫, લિંબુડા (માણાવદળ પાસે) સવંત ૧૯૭૨, ધ્રાફા (જામજોધપુર પાસે) સવંત ૧૯૭૭, અમદાવાદ (નીદ પાસે પાલડી) સવંત ૧૯૯૫.. આ આશ્રમોની સ્થપના થઈ, પુજ્યપાદ બ્રહ્મનિષ્ઠ મહારાજ શ્રી મન્ન નથુરામ શર્માજી રચિત તત્વજ્ઞાનના ૩૭ ગ્રંથો, યોગવિધાના ૩ ગ્રંથો પુજ્યપાદ મહારાજશ્રીના પત્રોના ૬ ગ્રંથો, ઈપદેશગ્રંથ વલી નસ ૬ ગ્રંથો , ભકિત, જ્ઞાન, યોગ, વૈરાગ્ય અને દ્રષ્ટાંત સહિત ઉપદેશના નાના મોટા ૪૯ ગ્રંથો, ગર્ભાધાનથી મરણ અને અગ્નિ સંસ્કારના ૧૬ સંસ્કારો તથા શ્રાધ્ધ વિધિ પ્રયોગ સહિત સરળ ગુજરાતી ભાષામાં ૧૪૯ વિષયો સાથે નૈમિતિક કર્મકાંડ પ્રકાશ અને કર્મકાંડ ના૧૩ ગ્રંથો, અન્ય ૨૭ ગ્રંથો સરળ ગુજરાતી ભાષામાં અત્યંત રાહત દરે મળે છે. છેલ્લા ૯૦ વર્ષ થી નિયમિત પણે પ્રકાશિત આનંદ આશ્રમ માસિક પત્રિકા પ્રગટ થાય છે. માત્ર ૩૦ રૂપિયા એક વર્ષનું લવાજમ છે. ગ્રંથો અને વિશેષ જાણકારી માટે શ્રી વ્યવસ્થાપક, આનંદ આશ્રમ બીલખા ૩૬૨ ૧૧૦, જિલ્લો જુનાગઢ કોલ ૦૨૮૫- ૨૬૮૩૨૫૫ પુજય ગુરૂદેવ નથુરામ શર્માજીએ ઉપનિષકના જ્ઞાન સાથે જીવન ગણતર અને ભણતર સિધ્ધ પ્રચારકો, વાહકો માટે સંસ્કૃત પાઠશાળા નસ સ્થાપના કરી ૧૫૦ વર્ષથી ચાલુ છે. પુજ્ય ગુરૂદેવ ૭થી વધારે ભાષાના જાણકાર હતા, લાખો શિષ્ય વર્ગ અને મુમુક્ષુઓ તૈયાર કર્યા છે, પુજ્યપાદ બ્રહ્મનિષ્ઠ શ્રોત્રીય મહાત્મા મહારાજશ્રી શ્રીમન્ન નથુરામ શર્માજીએ સતત ૨૪ વર્ષ સમગ્ર હિન્દુસ્તાનમાં ૫૦૦ થી વધારે સ્થળોની યાત્રા કરી છે. છેલ્લા ૩૫ વર્ષ આનંદ આશ્રમ બીલખામાં સુખ રૂપ રહ્યા સવંત ૧૯૮૭ના આસોવદી ૧૧ ના દીને અંતિમ વિદાય લીધી, ૦૬/૧૧/૧૯૩૧ રોજ ગુરૂદેવ આ પૃથ્વી પર ૭૪ વર્ષ ને ૨૧ દિવસ યાત્રા કરી, આસો સુદ ૪ એટલે ૪ નોરતે પુજ્ય ગુરૂદેવનો ૧૬૨ જન્મદિન હતો. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરશન એન.આઈ.ડી.પાલડી રસ્તા ને ‘ મહાત્મા નથુરામ શર્મા માર્ગ વર્ષ પહેલાં ખુલ્લો મકયો છે. ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીએ સ્વાતંત્ર સંગ્રામમાં સૌરાષ્ટ્રના સંતોના યોગદાન પર સેમનારમાં આરઝી હકુમતમાં સંતોની ભુમિકા વિશે ઉચ્ચ અભ્યાસ ક્રમ સામેલ કરેલ છે. તેમાં પુજ્ય નથુરામ શર્માજીની નોંધ લીધી છે, આ માસ્તરમાંથીં મહાત્મા થયેલ પુજ્ય નથુરામ શર્માજી ને કોટી નમન સાથે જય ગુરૂદેવ...

**– મયુર મો. રાવલ, (મો.નં. ૯૪૨૭૭૩૩૦૨૯)**

## ‘ડરો મત, તુફાન આ રહા હૈ’

ડરો મત, તુફાન આ રહા હે,
જવાલામુખી કા લાવા બુજ રહા હે,
શિતલતા કા સુનામી આ રહા હે,
નફરતો કે હાટ બંધ હો રહે હે,
મહોબ્બતો કે બડે મૌલ ખુલે જા રહે હે
ડરો મત, તુફાન આ રહા હે..
જુઠ કા જુમલા જા રહા હે,
સચ કે વાદો કા બરસાત આ રહા હે,
ડરો મત, તુફાન આ રહા હે..
બેરોજગારી કા મૌસમ જા રહા હે,
પ્યારો અબ તો રોજગાર કા મૌસમ આ રહા હે,
ડરો મત, તુફાન આ રહા હે..
આપસ મેં દિલ સે દિલ મિલાયે જાઓ,
અબ તો ઈશ્ક ભરા આસમા છાયા જા રહા હે,
ડરો મત, તુફાન આ રહા હે..
કોઈ ધર્મ કા ઢોલ બજાતા હે,
તો કોઈ ઈશ્ક કી નઝમે સુના રહા હે,
ડરો મત તુફાન આ રહા હે..
‘માસુમ’ જરા આંખે ખૌલ કર દેખ તો લે,
મૌસમ કિતના ખુશ્નુમા હે, કયુંકી
ડરો મત તુફાન આ રહા હે..

-‘માસુમ જુનાગઢી ’
મેમણ મુસારેમાન કાસ્માણી, જુનાગઢ
(મો.૯૯૧૩૪ ૬૫૬૫૧)

# સોમનાથ વિધાનસભા બેઠકનું ભાજપ પક્ષનું સ્નેહમિલન યોજાયું

### પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલના સંકલ્પ મુજબ કાર્યકરો સંકલ્પ કરી લોકસભા ચુંટણીના કામમાં લાગી જાય તેવી અપીલ કરાઈ



(રાકેશ પરડવા દ્વારા)
વેરાવળ, તા.૨૪

સોમનાથ વિધાનસભા બેઠકના ભારતીય જનતા પાર્ટીના યોજાયેલા સ્નેહ મિલન સમારોહમાં આગામી લોકસભાની ચૂંટણીમાં પ્રમુખ પાટીલના સંકલ્પ મુજબ પાંચ લાખ મતોથી સોરઠની બેઠક જીતવા કામે લાગી જવા અપીલ કરવામાં આવી હતી.

નૂતન વર્ષના પ્રારંભે ભાજપ પક્ષ દ્વારા વિધાનસભા બેઠક વાઈઝ યોજાતા સ્નેહમિલનના કાર્યક્રમ મુજબ સોમનાથ વિધાનસભા બેઠકનું સ્નેહમિલન વેરાવળના કોમ્યુનિટી હોલ ખાતે યોજાયું હતું. જેમાં ગીર સોમનાથ જિલ્લાના પ્રભારી રઘુભાઈ હુંબલ, પ્રદેશ મંત્રી ઝવેરીભાઈ ઠકરાર, ગીર સોમનાથ અને જુનાગઢના સાંસદ રાજેશભાઈ ચુડાસમા, જિલ્લા પ્રમુખ મહેન્દ્રભાઈ પીઠયા, મહામંત્રી દીલીપભાઈ બારડ, પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ સહિત પાલિકા અને તાલુકા પંચાયતના પ્રમુખ-સભ્યો, સંગઠનના હોદેદારો, આગેવાનો, વિશાળ સંખ્યામાં ભાજપ કાર્યકર્તાઓ ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

આ સ્નેહમિલન કાર્યક્રમમાં ભાજપના આગેવાનોએ સર્વે કાર્યકર્તાઓને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવતા પ્રાસંગીક ઉદબોધનમાં જણાવેલ કે, આગામી ૨૦૨૪ ની લોકસભાની ચૂંટણીમાં સોમનાથ વિધાનસભા બેઠક ઉપરથી ભાજપના ઉમેદવારને જંગી બહુમતી અપાવવા આહવાન કર્યુ હતું. આ સાથે ગુજરાતની ૨૬ લોકસભા બેઠકો પાંચ લાખ મતોથી જીતવા પ્રદેશ પ્રમુખ પાટીલએ કરેલા સંકલ્પ મુજબ સોરઠની બેઠક રેકર્ડબ્રેક મતોથી જીતવા સૌ કાર્યકરો આજે સંકલ્પ લઈ કામે લાગી જાય તેવી અપીલ કરી હતી. આ ઉપરાંત રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત લોકોને અપાયેલ લાભો અંગે વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ દેવાભાઈ ધારેચા, મહામંત્રી ભરત ચોલેરા, માનસિંહ પરમાર, પાલીકા પ્રમુખના જયદેવભાઈ જાની, ઉપપ્રમુખ જયેશભાઈ માલમડી, નગરસેવક ઉદયભાઈ શાહ, પૂર્વ તા.પં. પ્રમુખ સરમણભાઈ સોલંકી, બાદલ હુંબલ, ચેરમેન વિક્રમ પટાટ, ખારવા સમાજના પટેલ દામજીભાઈ ફોફંડી, બોટ એસો.ના પ્રમુખ તુલસીભાઈ ગોહેલ સહિત જુદા જુદા સમાજો અને સંસ્થાઓના હોદેદારો ઉપસ્થિત રહયા હતા.

# દ્વારકાધીશના જગતમંદિરમાં દેવઉઠી એકાદશીના પાવન અવસરે તુલસી વિવાહોત્સવ રંગેચંગે ઉજવાયો



## ભગવાનના વરઘોડામાં બહોળી સંખ્યામાં ભક્તો જોડાયા

(રાકેશ સામાણી દ્વારા)
દ્વારકા તા.૨૪

ભારતીય હિન્દુ સંસ્કૃતિમાં ઉત્સવોનું વિશેષ મહત્વ છે. અષાઢ સુદ-૧૧ થી વિષ્ણુ ભગવાન શયનમાં જાય છે સતત ચાર મહીના સુધી ભગવાન વિશ્રામ કરે છે તેને હિન્દુ શાસ્ત્રોમાં ચાતુર્માસ તરીકે ઓળખવામાં આવે છે. આ વિશ્રામ બાદ શ્રીજી કારતક સુદ-૧૧ ના રોજ વિશ્રામમાંથી બહાર આવે છે. જેથી પુરાણોમાં આ દિવસને દેવઉઠી એકાદશી તરીકે ઓળખવામાં આવે છે.

દેવઉઠી એકાદશીના શુભદિને ભગવાનના ગોપાલજી સ્વરૂપના નીકળેલા વરઘોડામાં બહોળી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા તથા શ્રી દ્વારકાધીશના જગતમંદિરમાં ખંભાળીયાના વતની અને દ્વારકાધીશના પરમભકત શ્રી કેતનભાઈ મનહરદાસ કોટેચા પરિવારના યજમાનપદે યોજાયેલ તુલસી વિવાહ મહોત્સવ હજારો ભાવિકોની ઉપસ્થિતિમાં ભવ્યાતિભવ્ય રીતે ઉજવાઈ ગયેલ.

તુલસીજીના શ્રીકૃષ્ણ ભગવાન સાથે પરંપરાગત રીતે થયેલા વિવાહની સાક્ષાત અનુભૂતિનું દ્રશ્ય જગતમંદિરમાં ખડું થયેલ. પૌરાણિક દ્રષ્ટિએ તુલસી પત્ર એ હેમ એટલે સુવર્ણ અને રત્નથી પણ ચડીયાતું છે. એટલે જ ભગવાન શ્રી હરિના ચરણમાં તુલસીપત્ર અર્પણ કરવાનો મહીમા છે. આયુર્વેદની દ્રષ્ટિએ ઔષધીઓમાં પણ તુલસીપત્રનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય છે. આજે તુલસી વિવાહ પ્રસંગે સાંજના સમયે ભગવાનના નીકળેલા વરઘોડામાં મોટી સંખ્યામાં ભકતજનો જોડાયા હતા. દ્વારકાધીશ મંદિરના પુજારી નેતાજી તથા રાણીવાસનાં પુજારી આનંદભાઈ ઉપાધ્યાય સમગ્ર ધર્મોત્સવ ઉજવાઈ ગયેલ આ પ્રસંગે દ્વારકાધીશ મંદિરમાં ભવ્ય અનકુટ મનોરથ યોજાય ગયેલ.

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટીના શૈક્ષણિક ભવનમાં સંવિધાન દિવસની ઉજવણી થશે

(રાકેશ પરડવા દ્વારા)
વેરાવળ, તા.૨૪

ડો.બાબાસાહેબ આંબેડકર દ્વારા રચાયેલ બંધારણ સંબંધે સંવિધાન દિવસની ઉજવણી તમામ જીલ્લાઓમાં કરાતી હોય ત્યારે ગીર સોમનાથ જીલ્લામાં આગામી તા.૨૬ ના રવિવારે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિ.ના શૈક્ષણીક ભવનમાં સંવિધાન દિવસની ઉજવણી થનાર છે.

ગુજરાત સરકાર દ્વારા સંવિધાન દિવસ સંબંધે લોક જાગૃતિ કેળવવા માટે ઉજવણી થાય તે હેતુ સહ ડાયરેકટર ઓફ પ્રોસીકયુશનની કચેરી ગાંધીનગર દ્વારા દરેક જીલ્લામાં સંવિધાન દિવસ ઉજવવાનું જીલ્લા સરકારી વકીલની કચેરી મારફત નકકી કરાયેલ હોય જે અનુસંધાને ગીર સોમનાથ જીલ્લા સરકારી વકીલ કેતનસિંહ વાળા દ્વારા સંવિધાન દિવસની ઉજવણી તા.૨૬ ના રવિવારે સવારે ૯-૩૦ કલાકે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિ.ના શૈક્ષણીક ભવનમાં કરવામાં આવનાર છે. આ કાર્યક્મમાં જીલ્લાના જયુડીશ્યલ ઓફીસર્સ, તમામ આસી. પબ્લીક પ્રોસીકયુટર અને એડી.પી.પી. તેમજ બાર એસોસીએશન તથા અધિવકતા પરીષદના વકીલ મીત્રો, જીલ્લાની દરેક કચેરીઓના અધિકારીઓ, જીલ્લાના એન.જી.ઓ., ધારાસભ્યો, સાંસદ, જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પદાધિકારીઓ, પોલીસ, જી.આર.ડી., હોમગાર્ડ, આંગણવાડીના બહેનો, સફાઈ કામદારો વિગેરે સહભાગી થનાર છે.

આ પ્રસંગે ભારતના બંધારણની સમજ આપવા ડો.કે.જે.વૈષ્નવ તથા દિવના આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિકયુટરશ્રી અર્ચનાબેન ગાંધી તેમજ ડીફેન્સ કાઉન્સેલર શ્રી ડીમ્પલબેન વ્યાસ ખાસ ઉપસ્થિત રહેનાર છે. આ પ્રસંગે લો ફીલ્ડ સાથે સંકળાયેલા લોસ્ટુડન્ટ અને શૈક્ષણીક સંસ્થાઓ તેમજ સામાજીક સંસ્થાઓને પણ હાજર રહેવા જીલ્લાના મુખ્ય સરકારી વકીલ કેતનસિંહ વાળાની યાદીમાં જણાવેલ છે.

# ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા ઘઉં પાકનું ચાલુ વર્ષે ૮૪,૦૦૦ ક્વિન્ટલથી વધુ બિયારણ વિતરણ કરાયું : ખેડૂતો દ્વારા એકંદરે મળ્યા સંતોષકારક પ્રતિભાવ

### ગુજરાત બીજ પ્રમાણન એજન્સી દ્વારા સર્ટિફાઈડ થયા બાદ જ ખેડૂતોને બિયારણ વિતરણ કરવામાં આવે છે : ગુજરાત રાજ્ય બીજ નિગમના એમ.ડી. પ્રકાશ રબારી : કોડીનાર તાલુકાના ખેડૂતો દ્વારા મળેલી રજૂઆત સંદર્ભે વધુ તપાસ હાથ ધરી આગળની કાર્યવાહી હાથ ધરાશે

(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૨૪

ગીર-સોમનાથના કોડીનાર તાલુકાના ખેડૂતો દ્વારા ઘઉં પાકના બિયારણ અંગે કરાયેલી રજૂઆતનો પ્રતિભાવ આપતા ગુજરાત રાજ્ય બીજ નિગમના મેનેજીંગ ડીરેકટર પ્રકાશ રબારીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર હસ્તકનું ગુજરાત રાજ્ય બીજ નિગમ રાજ્યના ખેડૂતોને ઉત્તમ ગુણવત્તાયુક્ત બિયારણ પૂરું પાડતી પ્રતિષ્ઠિત સંસ્થા છે. ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા રાજ્યના ખેડૂતો પાસે જ બિયારણ ઉત્પાદન કરાવી અને રાજ્યના ખેડૂતોને બિયારણ પૂરું પાડવામાં આવે છે.

તેમણે જણાવ્યું કે, ચાલુ વર્ષે રાજ્યમાં ઘઉં પાકના ૧૫૦૦થી વધુ ખેડૂત ઉત્પાદકો દ્વારા ૮૪,૦૦૦ ક્વિન્ટલ કરતાં વધુ ગુણવત્તાયુક્ત બીજ ઉત્પાદિત કરવામાં આવ્યા હતા. આ બિયારણ બીજ પ્રમાણન એજન્સી દ્વારા સર્ટિફાઈડ થયા બાદ ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા રાજ્યના ખેડૂતોને વિતરણ કરવામાં આવ્યુ છે. રાજ્યમાં વિતરિત બિયારણની ગુણવત્તા અંગે એકંદરે સંતોષકારક પ્રતિભાવ મળ્યા છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, ઘઉં પાકની ટુકડી જાતોની સમયસરની વાવણી ૧૫ થી ૨૫ નવેમ્બર દરમિયાન કરવાની ભલામણ છે. વહેલી વાવણીના કિસ્સામાં દિવસ અને રાત્રીના તાપમાનમાં મોટો તફાવત હોવાથી બીજ ઉગાવા પર તેની ભારે અસર પડે છે. કોડીનાર તાલુકાના ખેડૂતોને જે પ્લોટ નંબરનું બિયારણ વિતરિત કરવામાં આવ્યું હતું તે જ પ્લોટ નંબરના બિયારણનું અન્ય વિસ્તારમાં તપાસ હાથ ધરતા તેમાં સંતોષકારક અને ધારાધોરણ મુજબનો ઉગાવો જોવા મળ્યો છે. કોડીનારના ખેડૂતોની રજૂઆત સંદર્ભે વધુ તપાસ ચાલી રહી છે. આ અંગે વધુ અહેવાલ મળતા આગળની કાર્યવાહી હાથ ધરાશે.

# ખંભાળિયા પોલીસ દ્વારા વાહનોના ભંગારની જાહેર હરાજી કરાઈ



(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૪

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયામાં પોલીસ તંત્ર દ્વારા વિવિધ ગુનાઓમાં કબજે કરેલા વાહનો કોઈ કારણોસર તેના માલિક લઈ ન જતા છેલ્લા ઘણા વર્ષોથી આ વાહનોનો ભંગાર પોલીસ મથકના ગ્રાઉન્ડમાં એકત્ર થયો હતો. જેની હરાજી ગુરુવારે યોજવામાં આવી હતી. આ હરાજીમાં જુદા જુદા વેપારીઓએ બોલી બોલીને તંત્રને કુલ રૂપિયા ૫.૧૨ લાખ ઉપજ્યા હોવાનું જાણવા મળ્યું છે.

ખંભાળિયા તાલુકામાં પોલીસ તંત્ર દ્વારા મોટરસાયકલ, રીક્ષા વિગેરે વાહનોને જે-તે સમયે વિવિધ કારણોસર કબજે લીધા હતા. સમય જતા આ વાહનોના માલિકો કોઈ કારણોસર વાહનો છોડાવવા ન આવતા આખરે ભંગાર બની ગયેલા આવા વાહનોની નિયમ મુજબ હરાજી ગઈકાલે પોલીસ મથક ખાતે યોજવામાં આવી હતી. અહીં ૬૬ મોટરસાયકલ, એક ઓટો રીક્ષા તેમજ બે મોટરકાર મળી કુલ ૭૯ વાહનોની ધોરણસર હરાજી કરવામાં આવી હતી.

જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયના માર્ગદર્શન હેઠળ ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિ તથા ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશીની ખાસ ઉપસ્થિતિમાં યોજવામાં આવેલી આ હરાજીમાં ખંભાળિયા, રાજકોટ, સુરેન્દ્રનગર, અમરેલી, વિગેરે જિલ્લાઓમાંથી ૬૭ જેટલા ભંગારના વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેણે અલગ અલગ બે રાઉન્ડમાં હરાજીની બોલી લગાવી હતી.હરાજીના પ્રથમ રાઉન્ડમાં સુરેન્દ્રનગર જિલ્લાના વેપારીએ કુલ રૂપિયા ૨.૩૧ લાખના ૩૯ વાહનો તથા બીજા રાઉન્ડમાં ખંભાળિયાના વેપારીએ રૂ. ૨.૮૧ લાખની બોલી લગાવી, ૩૦ વાહનો ખરીદ કર્યા હતા.

આમ, ભંગાર વાહનોની કરવામાં આવેલી હરાજી મારફતે તંત્રને રૂપિયા ૫,૧૨,૦૦૦ ની આવક થવા પામી છે. આ ઉપરાંત ગતસાંજે ભાણવડ પોલીસ મથકમાં પણ હરાજીનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે આજરોજ શુક્રવારે સલાયા અને વાડીનાર પોલીસ મથકમાં આવા ભંગાર વાહનોની હરાજી યોજવામાં આવી હતી.

# દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ દ્વારા સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ



(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૪

સમગ્ર દેશમાં હાલ ''સ્વચ્છતા હી સેવા'' અભિયાનની શરૂઆત થઈ છે. ગુજરાતમાં દરેક ગામ-શહેરમાં નાગરિકો ઉત્સાહભેર આ અભિયાનમાં જોડાઈ રહ્યા છે. આગામી તા. ૧૬ ડિસેમ્બર સુધી ચાલનારા ''સ્વચ્છતા હી સેવા'' અંતર્ગત વિવિધ સ્થળોની સફાઈ કરવામાં આવશે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ વિવિધ વિભાગો દ્વારા ખાસ પ્રયાસો કરીને સફાઈ અભિયાન ચાલી રહ્યું છે.

સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ દ્વારા લોકોની સુરક્ષાની સાથે સાથે સ્વચ્છતા પ્રત્યે પણ જાગૃતિ લાવવામાં આવી રહી છે. જેમાં જિલ્લા પોલીસ દ્વારા સફાઈ અભિયાનમાં જોડાઈને આપણી આસપાસના વિસ્તારને સ્વચ્છ રાખવા તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ અટકાવવા અંગે માહિતી આપવામાં આવી હતી. તેમજ પોલીસ જવાનોએ સફાઈ અભિયાનમાં જોડાઈને સ્વચ્છતાનો સંદેશો આપ્યો હતો.

## ખંભાળિયામાં વરિયા પ્રજાપતિ જ્ઞાતિના સમૂહ લગ્ન યોજાશે

(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૪

શ્રી સમસ્ત વરિયા પ્રજાપતિ જ્ઞાતિ મંડળ દ્વારા સમૂહ લગ્નનું આયોજન આગામી તા. ૧૪ ફેબ્રુઆરીને શુભદિને કરવામાં આવ્યું છે. આ ૩૪ માં સમૂહ લગ્નમાં ભાગ લેવા ઈચ્છતા વર કન્યાના વાલીઓએ તેઓના ફોર્મ ખંભાળિયામાં પોરબંદર રોડ ઉપર આવેલી સમાજની જૂની વાડી ખાતેથી મેળવી લઈને તારીખ ૭ જાન્યુઆરી સુધીમાં પરત કરવા સંસ્થાના પ્રમુખ રતિલાલ નડિયાપરાની એક યાદીમાં જણાવાયું છે.

# કાવતરૂં ઘડીને બોગસ દસ્તાવેજ બનાવી, ખરા તરીકે ઉપયોગ કરવાના પ્રકરણમાં આરોપીઓને તકસીરવાન ઠેરવતી ખંભાળિયાની અદાલત

(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૪

ખંભાળિયા તાલુકાના બેરાજા ગામે રહેતા ફરીયાદી ગુજરનાર અરશીભાઈ ખીમાભાઈ ચાવડાના કબજા, ભોગવટા અને માલીકીની ખેતીની જમીન એકર ૨-૨૪ ગુઠા આવેલ છે. ફરીયાદી જામનગર મુકામે રહેતા હોય, મોસમ વખતે બેરાજા ગામે આવીને ખેતી કામ કરતા. ફરીયાદી તેની જમીનના રેકર્ડ મેળવવા બેરાજાના તલાટી કમ મંત્રીને મળ્યા, ત્યારે મંત્રીએ ફરીયાદીની જમીનના વેચાણ દસ્તાવેજ અન્વયે રેવન્યુ એન્ટ્રી અંગેની અરજી તથા દસ્તાવેજના કાગળો રજુ થયેલા હોય, તેથી ફરીયાદીને જાણવા મળ્યું હતું કે, ખંભાળિયા તાલુકાના બેરાજા ગામે રહેતા આરોપીઓ પરબત માવાભાઈ પરમાર, કુરજી માવાભાઈ પરમાર, જુઠા માવાભાઈ પરમાર અને જેશા માવાભાઈ પરમાર તથા રાણ ગામના રાણા રૂડાભાઈ સતવારાએ ફરીયાદીની જમીનનો બનાવટી દસ્તાવેજ પોતાના નામજોગ બનાવી લીધો હતો.

જેથી ફરીયાદીની જમીનનો બોગસ દસ્તાવેજ આરોપીઓએ કર્યો છે તેવુ ફરીયાદીની જાણમાં આવ્યું હતું. તેથી ફરીયાદીએ રેવન્યુ અધિકારી સમક્ષ વાંધા અરજી આપ્યા બાદ ફરીયાદીની જાણમાં આવેલ કે, તેમની જમીન પચાવી પાડવાના બદ ઈરાદાથી કાવતરુ રચી, પ્રથમથી જ ગુનાહીત ઈરાદા સાથે તા. ૨૭ માર્ચ ૨૦૦૨ ના રોજ ઉપરોકત આરોપીઓએ જેમા આરોપી રાણા રૂડાએ પોતે ફરીયાદી અરશી ખીમાના નામની સહીઓ કરી અને બાકીના આરોપીઓએ તૈયાર કરેલા દસ્તાવેજમાં શાંખમા સહીઓ કરાવી, ત્યાર બાદ આ બનાવટી દસ્તાવેજ રજીસ્ટ્રાર ઓફીસમાં આરોપી પરબત માવાએ રજુ કર્યો હતો. સબ રજીસ્ટ્રાર કચેરીમા સબ રજીસ્ટ્રાર સમક્ષ પણ આરોપી રાણા રૂડાએ ફરીયાદી અરશી ખીમાની બોગસ સહી કરી અને આવો દસ્તાવેજ બનાવટી છે તેમ જાણતા હોવા છતા બેરાજાના તલાટી કમ મંત્રી સમક્ષ ખરા દસ્તાવેજ તરીકે રજુ કર્યો હતો.

આમ, ફરીયાદીની જમીન પચાવી પાડવા ગુનાહીત કાવતરુ કરાયું હતું. જેથી બેરાજા ગામે રહેતા અરશીભાઈ ખીમાભાઈ ચાવડાએ ખંભાળિયાના જયુડી. મેજી. (ફ.ક.) સાહેબની કોર્ટમા આરોપીઓ સામે આઈ.પી.સી. કલમ ૧૨૦ (બી), ૪૬૩, ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૪૨૦અને ૩૪ મુજબના ગુન્હા અંગેની ફરીયાદ દાખલ કરી હતી. જે ફરીયાદ સી.આર.પી.સી. કલમ ૧૫૬(૩) અન્વયે તપાસ કરવા પી.એસ.આઈ.ને કરાયેલા હુકમ બાદ આરોપી કુરજી માવા તથા રાણા રૂડાના અવસાન થયા હતા. જ્યારે અન્ય આરોપીઓ સામે નામદાર કોર્ટમા કેસ ચાલી જતા પુરાવા તથા સાહેદોની જુબાનીઓ તથા સરકારી વકીલની દલીલોને ધ્યાને લઈ, આરોપીને તકસીરવાન ઠેરવી, નામદાર કોર્ટ દ્વારા આરોપીઓને ત્રણ વર્ષની સજા તથા દરેકને રૂા. ૭ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે છે.

આ કેસમાં સરકાર તરફે નમ્રતાબેન રાયઠઠા તેમજ ફરીયાદી તરફે અહીંના સીનીયર વકીલ એચ.કે. બામરોટીયા તથા જે.ડી. છેતરીયા મદદમાં રહ્યા હતા.


**ફ્લેટ વેચવાનો છે**

2 BHK ડાઈનીંગ, ફલેટ
2BHK ડાઈનીંગ, ફુલ ફર્નિચર, ડાઈનીંગ ટેબલ, સોફાસેટ, પલંગ સાથે તદ્દન વ્યાજબી ભાવમાં, પહેલી નજરમાં આપને ગમી જશે,
નોબલ ટાવર નહેરૂપાર્ક,
**દલાલભાઈ આવકાર્ય**
**મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦**

**ૐ નેચર કયોર સેન્ટર**
**ડો. સી.ડી. ઓઝા**
**તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે**

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

**દરરોજ સાંજે ૭ થી ૮**
**નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે**

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

**ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા**

**જોષી દાદા** મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮

**નક્ષત્ર – જ્યોતિષ**

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

**આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ**

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું

**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




**બીના ઈલેક્ટ્રોનિક્સ**

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.





## કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
## આયોજિત


# રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૩

## માનનીય મુખ્યમંત્રી **શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**ની પ્રેરક ઉપસ્થિતિમાં

### રાજ્યકક્ષાનો કાર્યક્રમ

**સ્થળઃ** પ્રેરણા પીઠ, પીરાણા, **તાઃ** દસક્રોઈ, **જિઃ** અમદાવાદ
તેમજ દરેક તાલુકામાં યોજાશે રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૩

**તાઃ** ૨૪-૨૫ નવેમ્બર, ૨૦૨૩ | **સમયઃ** સવારે ૦૮:૦૦ વાગે











### કાર્યક્રમના મુખ્ય આકર્ષણો

- કૃષિ પરિસંવાદ અને કૃષિ પ્રદર્શન
- કૃષિ ખાતાની ત્રણ નવીન કચેરીઓનું ઈ-લોકાર્પણ
- પશુ આરોગ્ય કેમ્પ
- સરદાર પટેલ કૃષિ સંશોધન-બેસ્ટ આત્મા ફાર્મર્સ એવોર્ડ વિતરણ
- સેવાસેતુ તેમજ સહકારી પ્રવૃત્તિઓની રૂપરેખા

### કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની સિદ્ધિઓ

- કુદરતી આપત્તિઓ સામે વર્ષ ૨૦૧૫-૧૬ થી ૮૯ લાખથી વધુ ખેડૂતોને ₹૧૦,૭૪૦ કરોડથી વધુ કૃષિ રાહત પેકેજ સહાય
- સૂક્ષ્મ પિયત પદ્ધતિ યોજના હેઠળ વર્ષ ૨૦૦૫ થી આજની સ્થિતિએ રાજ્યમાં ૨૨.૬૨ લાખ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ પિયત પદ્ધતિ હેઠળ આવરી લેવાયો જેમાં ૧૪.૪૩ લાખ ખેડૂતોને ₹૮,૦૨૬ કરોડથી વધુની સહાય
- ખેડૂતોના પેદાશોની ભાવના રક્ષણ હેઠળ વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૫.૯૦ લાખથી વધુ ખેડૂતોને આવરી લઈ કઠોળ, તેલીબિયાં અને કપાસ જેવા પાકોની ₹૨૪,૮૦૯ કરોડથી વધુની ખરીદી
- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ અંતર્ગત આજ દિન સુધીના ૧૫ હપ્તામાં ₹૧૪,૩૯૭ કરોડથી વધુ રકમ સીધી ખેડૂતોના બેંક ખાતામાં જમા
- વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૨-૨૩ સુધી કૃષિ યાંત્રિકીકરણમાં ટ્રેક્ટર સહિત વિવિધ ઓજારોની ખરીદી માટે ૩.૫૨ લાખ ખેડૂતોને ₹૧૩૩૪.૩૦ કરોડની સહાય તેમજ વર્ષ ૨૦૨૩-૨૪ માં કૃષિ યાંત્રિકીકરણમાં ટ્રેક્ટર સહિત વિવિધ ઓજારોની ખરીદી માટે અંદાજિત ૧.૫૦ લાખ ખેડૂતોને ₹૬૧૫ કરોડની સહાયની જોગવાઈ
- રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે ૧૪૬૬ કલસ્ટરની રચના કરી અત્યાર સુધીમાં ૧૮.૨૫ લાખ ખેડૂતોને તાલીમ આપી
- બાગાયતી પાકોમાં છેલ્લા પાંચ વર્ષમાં કુલ વાવેતર વિસ્તારમાં ૧.૨૯ લાખ હે. અને ઉત્પાદનમાં ૨૬.૮૩ લાખ મે.ટન વધારો
- બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓ હેઠળ કુલ ૬.૨૫ લાખ બાગાયતી ખેડૂતોને ₹૯૪૮.૬૮ કરોડની સહાય
- રાજ્યમાં બાગાયત ખાતા દ્વારા અલગ-અલગ પાક અને થીમ ઉપર તૈયાર કરેલ કુલ ૭ સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે ખેડૂતોને નિદર્શન તેમજ બાગાયતી કૌશલ્ય વર્ધન અંગેની તાલીમ
- છેલ્લા બે દાયકામાં રાજ્યમાં ૭૫૨ નવી પશુ સારવાર સંસ્થાઓની સ્થાપના
- કામધેનુ યુનિવર્સિટી હેઠળ બે નવીન વેટરિનરી કોલેજ મંજૂર
- "રાષ્ટ્રવ્યાપી કૃત્રિમ બીજદાન કાર્યક્રમ" અંતર્ગત અત્યાર સુધીમાં ૪૪ લાખથી વધુ કૃત્રિમ બીજદાન
- ૧૬૭.૨૨ લાખ મે.ટન દૂધ ઉત્પાદન સાથે ગુજરાત દેશમાં ચોથા સ્થાને
- "મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના" માટે ₹૫૦૦ કરોડની જોગવાઈ